RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર


RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 058 Dt. 18-09-2025 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT



# દેશની નિકાસ 6% વધવાની ધારણા

### પડકારો છતાં વૈશ્વિક વેપારમાં દેશનું મજબૂત પ્રદર્શન

## ભારત અમૃતકાલમાં ૪ ટ્રિલિયન ડોલર અર્થતંત્રથી 30 ટ્રિલિયન ડોલરથી વધુની અર્થવ્યવસ્થા તરફ આગળ વધી રહી છે

નવીદિલ્હી, તા. ૧૭

આ વર્ષે ભારતની નિકાસ છ ટકા વધવાની ધારણા છે, કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે બુધવારે આ વિશ્વાસ વ્યક્ત કર્યો. પડકારો છતાં વૈશ્વિક વેપારમાં દેશના મજબૂત પ્રદર્શન પર પ્રકાશ પાડતા, મંત્રીએ કહ્યું કે ઘણા દેશો સાથે મુક્ત વેપાર કરારો (FTA) પર ચર્ચાઓ આગળ વધી રહી છે. તેમણે કહ્યું કે ભારત એક વધતી જતી શક્તિ છે. અમૃતકાલમાં અમે ૪ ટ્રિલિયન અર્થતંત્રથી 30 ટ્રિલિયનથી વધુની અર્થવ્યવસ્થા તરફ આગળ વધી રહ્યા છીએ. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે ભારત વ્યવસાય કરવા માટે યોગ્ય સ્થળ છે. વિશ્વ ભારત સાથે કામ કરવા માંગશે.

મંત્રીએ ભાર મૂક્યો કે ભારતની સ્થાનિક ગતિ અને બાહ્ય પ્રવૃત્તિઓ એકબીજાને મજબૂત બનાવી રહી છે. તેમણે કહ્યું કે અમે તાજેતરમાં જ ૫.૧ ટકાના સૌથી ઓછા બેરોજગારીના આંકડા જાહેર કર્યા છે. તેમણે કહ્યું કે એવું કહેવું ખૂબ જ આકર્ષક લાગે છે કે બેરોજગારી છે. જો કે, જ્યારે હું લાર્સન એન્ડ ટુબ્રો સાથે મળ્યો, ત્યારે તેમણે મને કહ્યું કે તેઓ સમયસર પ્રોજેક્ટ પૂર્ણ કરી શકતા નથી કારણ કે તેમને પૂરતા કામદારો મળી શકતા નથી. હકીકતમાં, ઈઝ કંપની કઝ પણ લોકોની શોધમાં છે. તેમણે કહ્યું કે ભારત સૌથી ઝડપથી વિકસતું મુખ્ય અર્થતંત્ર છે, અને GST ૨.૦ થી અપેક્ષિત માળખાગત સુવિધામાં વધારો અને ગ્રાહક માંગ રોકાણ, રોજગાર સર્જન અને વેપાર અને ઉદ્યોગના વિસ્તરણને વેગ આપશે.

ગોયલે કહ્યું કે ઘણા દેશો ભારત સાથે સક્રિયપણે FTAને આગળ ધપાવી રહ્યા છે. તેમણે કહ્યું, છેલ્લા રાઉન્ડમાં યુરોપિયન યુનિયન સાથે અમારી સારી ચર્ચા થઈ હતી. તેમના બે કૃષિ અને વેપાર કમિશનરોએ દિલ્હીની મુલાકાત લીધી હતી, અને ચર્ચાઓ ઝડપથી આગળ વધી હતી. ટૂંક સમયમાં અમારી બીજી વર્ચ્યુઅલ અથવા સામ-સામે વાતચીત થઈ શકે છે. EU પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયન અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અમને વર્ષના અંત સુધીમાં વાટાઘાટો પૂર્ણ કરવા માટે માર્ગદર્શન આપ્યું છે, અને અમે તે લક્ષ્ય તરફ કામ કરવાનું ચાલુ રાખીએ છીએ.

સંયુક્ત આરબ અમીરાત સાથેના સફળ મુક્ત વેપાર કરારનો ઉલ્લેખ કરતા, મંત્રીએ કહ્યું કે તે વિશ્વનો સૌથી ઝડપી FTA છે. તેમણે વધુમાં કહ્યું, અમે ૮૮ દિવસમાં વાટાઘાટો કરી, તેને અંતિમ સ્વરૂપ આપ્યું અને તેના પર હસ્તાક્ષર કર્યા. ત્યારથી, UAEમાં અમારી નિકાસ ઝડપથી વધી રહી છે. ૨.૫ મિલિયનથી વધુ ભારતીયો ત્યાં રહે છે. હું ઉચ્ચ સ્તરીય ટાસ્ક ફોર્સ રોકાણ સંવાદ માટે જઈ રહ્યો છું અને ઘણા રોકાણકારો સાથે મુલાકાત કરીશ. કાપડ, દરિયાઈ, ચામડું અને ફાર્માસ્યુટિકલ ઉદ્યોગો એવા ચોક્કસ ક્ષેત્રો છે જ્યાં અમે વેપાર વિસ્તરણ અને વૈવિધ્યકરણ માટે તકો શોધી રહ્યા છીએ.

તેમણે કહ્યું કે ભારત અને યુનાઇટેડ સ્ટેટ્સ વચ્ચેના સંબંધો સકારાત્મક રહે છે કારણ કે બંને દેશોના નેતાઓ મિત્રો છે. તેમણે કહ્યું કે દરેક પરિસ્થિતિનો સંતોષકારક રીતે ઉકેલ આવશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીને તેમના જન્મદિવસ પર અભિનંદન આપતા, ગોયલે તેમના દ્વારા શરૂ કરાયેલી પહેલ અને મહાત્મા ગાંધીના વારસા વચ્ચે સમાનતા દર્શાવી. તેમણે સમાજના વિવિધ વર્ગો માટે કેન્દ્ર દ્વારા શરૂ કરાયેલી વિવિધ કલ્યાણકારી પહેલોનો ઉલ્લેખ કર્યો.

### પૂરના કારણે ૪૦૦,૦૦૦ એકરથી વધુ ડાંગરના પાકનો નાશ થયો છે અને ૧૦ લાખથી વધુ પ્રાણીઓ માર્યા ગયા છે

# પંજાબમાં ૧૬૦૦ કરોડની રાહત ઘોર અન્યાય : રાહુલ

નવીદિલ્હી, તા. ૧૭

પંજાબમાં પૂરના કારણે ભારે વિનાશ થયો છે. પાક અને પશુધનનો નાશ થયો છે, જેના કારણે રાજ્યને નોંધપાત્ર આર્થિક નુકસાન થયું છે. લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ આ અંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. બુધવારે વડા પ્રધાન મોદીને લખેલા પત્રમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે પંજાબને ૧,૬૦૦ કરોડ (૧૬ અબજ રૂપિયા) ની રાહત આપી છે તે 'ઘોર અન્યાય' છે. તેમણે જણાવ્યું હતું કે પૂરના કારણે ૪૦૦,૦૦૦ એકરથી વધુ ડાંગરના પાકનો નાશ થયો છે અને ૧૦ લાખથી વધુ પ્રાણીઓ માર્યા ગયા છે. રાજ્યને ઓછામાં ઓછા ₹૨૦,૦૦૦ કરોડ (૨૦ અબજ રૂપિયા) નું નુકસાન થયું છે. રાહુલ ગાંધીએ સરકારને પૂરગ્રસ્ત પંજાબને તાત્કાલિક પૂરતી સહાય અને વળતર આપવા વિનંતી કરી.



વડા પ્રધાન મોદીને લખેલા પત્રમાં રાહુલ ગાંધીએ કહ્યું, 'આ કટોકટી હિંમતભર્યા પગલાં લેવાની માંગ કરે છે. હું સરકારને નુકસાનનું ઝડપથી મૂલ્યાંકન કરવા અને વ્યાપક રાહત પેકેજ પૂરું પાડવા વિનંતી કરું છું. પીએમ મોદીને પંજાબમાં થયેલા નુકસાનનું તાત્કાલિક, પારદર્શક અને સચોટ મૂલ્યાંકન કરવા અને રાજ્ય માટે તાત્કાલિક વ્યાપક રાહત અને પુનર્વસન પેકેજની જાહેરાત કરવા વિનંતી કરી. તેમણે વધુમાં કહ્યું, પૂરને કારણે ઘણા વિસ્તારો નજીકના ભવિષ્ય માટે બિનઉપયોગી બની ગયા છે. આજે પણ, હજારો એકર જમીન પાણીમાં ડૂબી ગઈ છે, અને ઘણા ગામડાઓ સંપર્કવિહોણા છે.

આ દરમિયાન, લોકસભા સભ્ય રાહુલ ગાંધીએ ગુરદાસપુરમાં પૂરગ્રસ્ત ખેડૂતો સાથે પણ મુલાકાત કરી. કોંગ્રેસના નેતા પરગટ સિંહે ગાંધીની પ્રશંસા કરતા કહ્યું કે તેઓ પંજાબના દુઃખને સારી રીતે સમજે છે. ૯ સપ્ટેમ્બરના રોજ, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પૂરગ્રસ્ત પંજાબ માટે ₹૧,૬૦૦ કરોડની નાણાકીય સહાયની જાહેરાત કરી. તેમણે પંજાબની પણ મુલાકાત લીધી અને હેલિકોપ્ટરથી પરિસ્થિતિનો તાગ મેળવ્યો. અગાઉ, પંજાબની આમ આદમી પાર્ટી (અઅડ) સરકારના મંત્રીઓએ કેન્દ્ર સરકાર પ્રત્યે નારાજગી વ્યકત કરતા કહ્યું હતું કે વડા પ્રધાન દ્વારા જાહેર કરાયેલ ₹૧,૬૦૦ કરોડની સહાય 'ક્રૂર મજાક' અને લોકોનું 'અપમાન' છે.

# રાજકોટમાં ગોઝારો અકસ્માતઃ ૨ મોત

## ટેન્કર પલટી જતાં સર્જાયો અકસ્માત : ૩ લોકો ઘાયલ, ફાયર ટીમ ઘટનાસ્થળે

રાજકોટ, તા. ૧૭

હાલ રાજકોટ શહેર પર જાણે કોઈ ભારે નજર લાગી હોય તેવું જોવા મળી રહ્યું છે સમયાંતરે ઘણા ખરા અકસ્માતો થતા નજરે આવ્યા છે ત્યારે ગઈકાલે ૧૫૦ ફૂટ રીંગ રોડ પાસે એક ગોઝારો અકસ્માત સર્જાયો જેમાં ટેન્કર અચાનક પલટી જતા અકસ્માત થયું હતું જેમાં બે લોકોના મોત નીપજ્યા હતા. ટેન્કર અચાનક પલટી જતાં આ અકસ્માત થયો હતો. ઘટના એટલી ગંભીર હતી કે ટેન્કરની અંદર સવાર બે લોકો ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા હતા, જ્યારે અન્ય ત્રણ લોકોને ગંભીર હાલતમાં બહાર કાઢીને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ અકસ્માતની જાણ થતા જ પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ટેન્કર નીચે હજુ પણ બે લોકો ફસાયેલા હોવાની આશંકા છે, અને તેમને બહાર કાઢવા માટે બચાવ કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે.

ઘટનાસ્થળે પહોંચેલી ફાયર બ્રિગેડની ટીમે ટેન્કર નીચે ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે ભારે જહેમત ઉઠાવી રહી છે. ટેન્કરનું વજન વધુ હોવાથી અને તે પલટી ગયેલું હોવાથી બચાવ કામગીરીમાં અનેક પડકારો આવી રહ્યા છે. પોલીસ દ્વારા ટ્રાફિકને નિયંત્રિત કરવામાં આવી રહ્યો છે જેથી રાહત અને બચાવ કાર્ય સરળતાથી ચાલી શકે. આ અકસ્માત કેવી રીતે થયો તે અંગે પ્રાથમિક તપાસ ચાલી રહી છે.



ઓવરસ્પીડ કે ડ્રાઈવરના બેકાબૂ થવાને કારણે આ ઘટના બની હોવાની શક્યતા છે. પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે જેથી કરીને અકસ્માત પાછળનું ચોક્કસ કારણ જાણી શકાય.

રાજકોટના રીંગ રોડ પર આ પ્રકારનો ગંભીર અકસ્માત થવો એ રસ્તાઓની સલામતી પર ગંભીર સવાલો ઊભા કરે છે. ભારે વાહનોની ગતિ પર નિયંત્રણનો અભાવ અને ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન આવી દુર્ઘટનાઓ માટે જવાબદાર હોઈ શકે છે. આ ઘટનાએ ફરી એકવાર વાહનચાલકો અને તંત્ર બંનેને સાવચેત રહેવાની જરૂરિયાતનો અહેસાસ કરાવ્યો છે. ગંભીર રીતે ઘાયલ થયેલા લોકો ઝડપથી સાજા થાય અને અન્ય બે ફસાયેલા લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢી શકાય તેવી પ્રાર્થના સૌ કોઈ કરી રહ્યા છે. આ ઘટના પરથી બોધપાઠ લઈને તંત્રએ હાઈવે અને રીંગ રોડ પર સુરક્ષાના વધુ કડક પગલાં લેવા જોઈએ.

# મેટ્રો-લેવિસ ગ્રૂપમાંથી ITને મળ્યા ૧૧ કરોડ રોકડા

## ડિજીટલ ડેટા મારફતે પ્રાથમિક તપાસમાં જ ૨૫૦ કરોડથી વધુના બેનામી હિસાબો મળી આવ્યા : આકડો ૫૦૦ કરોડને વટે તેવી સંભાવના, ૫ કરોડના દાગીના પણ લાગ્યા વિંગના હાથે

રાજકોટ, તા. ૧૭

રાજકોટ આવક વેરા વિભાગની ઇન્વેસ્ટિગેશન યુનીટ દ્વારા મોરબી તથા રાજકોટમાં સર્ચ ઓપરેશન બે મોટા સિરામીક ગ્રૂપ પર હાથ ધરાયું છે. સાથો સાથ મેટ્રો ગ્રૂપ તથા લેવિસ ગ્રૂપ સાથે જોડાયેલા રાજકોટના કપાસના વેપારી તથા બિલ્ડિંગ લાઇન સાથે સંકળાયેલા લોકો પર દરોડો સતત ત્રીજા દિવસે પણ ચાલુ છે. આશ્ચર્યની વાત તો એ છે કે, રાજકોટ આવક વેરા વિભાગે માત્ર બીજા દિવસની તપાસના અંતે જ ૧૧ કરોડથી વધુની રોકડ જપ્ત કરી દીધી છે અને ડિજીટલ ડેટા જે મળી આવ્યો છે અને જેટલો રિકવર થયો છે તેમાં ૨૫૦ કરોડથી વધુના બેનામી વ્યવહારો સામે આવ્યા છે. હજુ પણ ડિજીટલ ડેટાની રિકવરી ચાલી રહી છે અને આ આંકડો ૫૦૦ કરોડથી વધે તેવી સંભાવના આવક વેરા વિભાગના સૂત્રો જણાવી રહ્યા છે.

રાજકોટ વિંગ દ્વારા અગાઉ લાડાણી-ઓરબિટ ગ્રૂપ પર જે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. તેમાંથી માત્ર ૫ કરોડ જેટલી રોકડ મળી આવી હતી. ત્યારે મોરબીમાં ચાલી રહેલા સર્ચ ઓપરેશનમાં હાલ આવકવેરા વિભાગને ૧૧કરોડથી વધુની રોકડ મળી આવી છે. તેવું ચિત્ર હાલ સામે આવ્યું છે. ત્યારે હજુ પણ રાજકીય દાવપેચ ખેલાતો હોવાનું મનાઇ રહ્યું છે. પરંતુ સીબીડીટી દ્વારા વિભાગને સ્પષ્ટ આદેશ કરી દેવામાં આવ્યા છે અને કોઇપણ ડર વગર સર્ચ ઓપરેશન પૂર્ણ કરવા જણાવ્યું છે. ત્યારે હાલની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને લઇ મોરબી તથા રાજકોટનું ઓપરેશન શુક્રવારે પૂર્ણ થઇ જશે તેવું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. હાલની સ્થિતિને ધ્યાને લેતા રાજકોટ વિંગ દ્વારા હાથ ધરાયેલું ઓપરેશન અત્યંત મહત્વનું અને સફળતાપૂર્વક ચાલતું હોવાનું જણાઇ છે.




### આંગડિયા પેઢી પરની તપાસ પૂર્ણ

મોરબીમાં ચાલી રહેલા દરોડામાં આવકવેરા વિભાગની ટીમે બે આંગડિયા પેઢી પર તપાસ હાથ ધરી હતી. જેનું કલેક્શન મેટ્રો તથા લેવિસ ગ્રૂપ સાથેનું ખુલ્યું હતું. પરંતુ, આ આંગડિયા પેઢીમાંથી વિભાગને કંઇ ખાસ મળ્યું ન હોવાનું પણ માલુમ પડ્યું છે. ત્યારે હવે વિભાગનો તમામ મદાર ડિજીટલ ડેટા પર છે. કારણ કે, હાલ આ ડેટાની રિકવરી ચાલુ છે અને ખૂબ મોટા પ્રમાણમાં બેનામી વ્યવહારો મળી આવવાની પ્રબળ સંભાવનાઓ વ્યક્ત થઇ રહી છે. આજથી કુલ ૪૫ યુનીટો પર જે તપાસનો ધમધમાટ જોવા મળ્યું છે તેમાંથી ઘણાખરા યુનીટ પર સર્ચ ઓપરેશન પૂર્ણ થઇ જશે. જ્યારે શુક્રવારે સર્ચ ઓપરેશનને આટોપી લેવા અમદાવાદ વડી કચેરી દ્વારા જણાવવામાં આવ્યું હોવાનું સૂત્ર જણાવી રહ્યા છે.

### રાજકોટ વિંગની મોટી સફળતા

સર્ચ પૂર્વે જે અભ્યાસ મેટ્રો તથા લેવિસ ગ્રૂપ પર કરવામાં આવ્યો હતો તેમાંથી રાજકોટ વિંગને ખુબ સારી એવી સફળતા મળી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર લાડાણી-ઓરબિટ ગ્રૂપ પરના દરોડાની સાપેક્ષમાં અપેક્ષા કરતા વધુ રોકડ મળી આવી છે. સાથોસાથ ૫ કરોડના સોનાના દાગીના પણ મળી આવ્યા છે. જે ઓપરેશનની સફળતા સુચવે છે. ઈતિહાસ રહ્યો છે કે, રાજકોટ વિંગ દ્વારા જ્યારે પણ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં અવ્યા છે તેમાંથી વિભાગે ખુબ મોટા પ્રમાણમાં બેનામી વ્યવહારો શોધી કાઢ્યા છે અને રોકડ જપ્ત કરી છે જે વિંગની કામગીરીને બિરદાવે છે.

# પંચોતેર સ્થળે યોજાયો 'મેદસ્વિતા નિવારણ'યોગ કેમ્પ

### મેદસ્વિતા મુક્ત અભિયાનને સાકાર કરવા દરેક કેમ્પમાં માત્ર યોગ જ નહીં પરંતુ ડાયટ પ્લાન, આયુર્વેદનો ઉપયોગ જેવા વિવિધ વિષયો પર નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન અપાશે



રાજકોટ, તા. ૧૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ''સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત''ના સંકલ્પને સાકાર કરવા અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૫માં જન્મ દિવસ નિમિત્તે રાજ્યભરમાં વિવિધ ૭૫ સ્થળોએ મેદસ્વિતા નિવારણ 'યોગ કેમ્પ'નો ગાંધીનગર ખાતેથી ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ ભવ્ય શુભારંભ કરાવ્યો હતો.

રાજ્યવ્યાપી યોગ કેમ્પનો શુભારંભ કરતાં યુવા સાંસ્કૃતિક, રમત-ગમત અને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આજે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસના અવસરે કાશ્મીરથી લઈને કન્યાકુમારી સુધી અલગ અલગ સામાજિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ તેમજ નાના નાના ગ્રુપ દ્વારા વડાપ્રધાનના જન્મ દિવસને ખાસ રીતે મનાવવામાં આવી રહ્યો છે. જે કદાચ દેશમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વના ઈતિહાસમાં એવો કાર્યક્રમ બનશે, જેમાં કોઈ રાજ નેતાના જન્મ દિવસે અનેક સામાજિક કાર્યક્રમો થકી લાખો ચહેરાઓ પર ખુશી આવશે.

ગૃહ રાજ્ય મંત્રી સંઘવીએ યોગ બોર્ડ દ્વારા વડાપ્રધાનના જન્મ દિવસથી તા. ૧૭ ઓક્ટોબર સુધી આયોજિત પ્રથમ તબક્કાના ૭૫ કેમ્પમાં પ્રત્યેક કેમ્પ દીઠ ૧૦૦થી વધુ એટલે કે ૭,૫૦૦થી વધારે નાગરિકોને ભાગ લેવા અનુરોધ કર્યો હતો. આ કેમ્પમાં માત્ર યોગ જ નહીં પરંતુ નિરોગી શરીર માટે ડાયટ પ્લાન, આયુર્વેદનો ઉપયોગ જેવા વિવિધ વિષયો પર નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન પણ આપવામાં આવશે. જેના પરિણામે વડાપ્રધાનના મેદસ્વિતા મુક્ત અભિયાનના સંકલ્પને સાકાર કરવામાં આવશે.

ગૃહ રાજ્ય મંત્રીએ ઉમેર્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસ નિમિત્તે આજે દેશભરમાં અનેક સેવાભાવી સંસ્થાઓ દ્વારા વિનામૂલ્યે આંખનું ઓપરેશન, હાર્ટનું ઓપરેશન, ગરીબ બાળકો માટે સ્કૂલ ફીની વ્યવસ્થા જેવા અનેક માનવતાના કાર્યો કરવામાં આવી રહ્યાં છે. વધુમાં, અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે એક લાખ નાગરિકોએ બ્લડ ડોનેશનનો સંકલ્પ લીધો છે તેમજ તેરાપંથ યુવક પરિષદ દ્વારા પણ મોટી સંખ્યામાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. તદુપરાંત ૫૭ હજાર જેટલા કર્મચારીઓએ પણ વડાપ્રધાનના જન્મદિવસના આગળના દિવસે એક દિવસની અંદર મોટા પ્રમાણમાં બ્લડ ડોનેશન કરીને ઈતિહાસ રચ્યો છે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન યોગ સેવક શીશપાલે શાબ્દિક સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, રાજ્ય યોગ બોર્ડ દ્વારા તા.૧૭ સપ્ટેમ્બરથી ૩૦ ડિસેમ્બર-૨૦૨૫ સુધી મેદસ્વિતા મુક્તિ અભિયાનનું ત્રણ તબક્કામાં આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આજે તા. ૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર-૨૦૨૫ સુધી શરૂ થતાં પ્રથમ તબક્કામાં રાજ્યના વિવિધ ૭૫ સ્થળે 'યોગ કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું છે. દેશ અને રાજ્યનો દરેક નાગરિક સ્વસ્થ અને નિરોગી બને તે માટે યોગને ઘર ઘર સુધી પહોચાડવો ખૂબ જ જરૂરી છે.

આ યોગ કેમ્પમાં બ્રહ્માકુમારીના કૈલાશદીદી, ગાંધીનગર મહાનગરપાલિકાના કોર્પોરેટર અંકિત બારોટ, દિપીકાબેન સોલંકી, યોગ બોર્ડના ઘર્જઉ મૃણાલદેવી ગોહિલ, સ્ટેટ કો ઓડિનેટર અનિલભાઈ ત્રિવેદી, ગાંધીનગરના કો ઓર્ડીનેટર ભાવનાબેન જોશી, ગાંધીનગર હોમગાર્ડના કમાન્ડર વિષ્ણુભાઈ પ્રજાપતિ સહિત મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા.



# સેટેલાઈટ ઈમેજ આધારિત વેરીફીકેશન-ડિજિટલ ક્રોપ સર્વે શરૂ

### વેરીફીકેશન દરમિયાન જે સર્વે નંબરમાં મગફળીનું વાવેતર જોવા નથી મળ્યું, તેવા રાજયના ૧૦ ટકાથી પણ ઓછા ખેડૂતોને SMSથી જાણ કરાઈ

રાજકોટ, તા. ૧૭

કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. અંજુ શર્માએ જણાવ્યું છે કે, મગફળી, મગ, અડદ અને સોયાબીન પાકોની ટેકાના ભાવે ખરીદી માટે નોંધણીની સમય મર્યાદા આગામી તા. ૨૨ સપ્ટેમ્બર સુધી લંબાવવામાં આવી છે, જેથી રાજ્યના મહત્તમ ખેડૂતો ટેકાના ભાવે ખરીદીનો લાભ મેળવી શકે. ગઈકાલે ૧૭ સપ્ટેમ્બર સુધીમાં જ, રાજ્યના ૮.૭૯ લાખથી વધુ ખેડૂતોએ મગફળી માટે, ૬૬,૦૦૦થી વધુ ખેડૂતોએ સોયાબીન માટે, ૫,૦૦૦થી વધુ ખેડૂતોએ અડદ માટે તેમજ ૧,૧૦૦થી વધુ ખેડૂતોએ ટેકાના ભાવે વેચાણ માટે નોંધણી કરાવી છે.

અધિક મુખ્ય સચિવ ડો. અંજુ શર્માએ જણાવ્યું હતું કે, ગત વર્ષની જેમ આ વર્ષે પણ ટેકાના ભાવે વેચાણ માટે ખેડૂતોએ કરાવેલી નોંધણીમાં સર્વે નંબરનું સેટેલાઈટ ઈમેજ અને ડિજિટલ ક્રોપ સર્વે સાથે સરખામણી કરીને મગફળીના વાવેતરની ચકાસણી કરવામાં આવી રહી છે. આ વેરીફીકેશન પ્રક્રિયામાં નોંધણી કરાવેલા ૧૦ ટકાથી પણ ઓછા ખેડૂતોના સર્વે નંબરમાં મગફળીનો પાક જોવા મળ્યો નથી. આવા સર્વે નંબર ધરાવતા ખેડૂતોને જ઼બજ઼ના માધ્યમથી જાણ કરવામાં આવી છે, પરંતુ આ મેસેજથી ખેડૂતોએ ચિંતિત થવાની જરૂર નથી.

ખેડૂતોને ખાતરી આપતા ડો. અંજુ શર્માએ કહ્યું છે કે, નોંધણી દરમિયાન ખેડૂતોએ દર્શાવેલા સર્વે નંબરમાં મગફળીનું વાવેતર કર્યું હોય, તેમ છતાં પણ આવો SMS મળ્યો હોય, તેવા ખેડૂત મિત્રોએ કોઈપણ ચિંતા કર્યા વગર વહેલામાં વહેલી તકે ગ્રામસેવકને રજૂઆત કરીને પાક અને સર્વે નંબરનું વેરીફીકેશન કરાવી લેવાનું રહેશે. ખેતી નિયામકની કચેરી દ્વારા આવા તમામ સર્વે નંબરની યાદી જિલ્લા કક્ષાએ મોકલી આપવામાં આવી છે.

આ ઉપરાંત ખેડૂત મિત્રો ગામના સર્વેયરનો સંપર્ક કરીને નોંધણીમાં દર્શાવેલ સર્વે નંબરનો ડિજિટલ ક્રોપ સર્વે પણ કરાવી શકશે. ખેડૂતો પાસે પોતાના ફોનના પ્લેસ્ટોરમાંથી Digital Crop Survey-Gujarat એપ્લીકેશન ડાઉનલોડ કરીને જાતે પણ ડિજિટલ ક્રોપ સર્વે કરવાનો વિકલ્પ ઉપલબ્ધ છે. ખેડૂતો ફોનના માધ્યમથી જાતે જ ડિજિટલ ક્રોપ સર્વે કરી શકે, તે માટે બાઈસેગની વંદે ગુજરાત ચેનલ મારફત કૃષિ વિભાગ દ્વારા તાલીમ પણ આપવામાં આવશે, જેનો મહત્તમ ખેડૂતોને લાભ લેવા તેમણે અનુરોધ કર્યો હતો.

ખેડૂતોએ જે સર્વે નંબરમાં મગફળીનું વાવેતર કર્યું હોય, તેનો એક જીઓ ટેગ્ડ (Geo-tagged) ફોટો લઈને પોતાના પાસે આધાર પૂરાવા તરીકે રાખવાનો અનુરોધ કરતા કૃષિ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. અંજુ શર્માએ કહ્યું હતું કે, જે ખેડૂતોએ નોંધણી કરાવેલા સર્વે નંબરમાં મગફળીનું જ વાવેતર કર્યું હોય, તેવા ખેડૂત મિત્રોએ ચિંતા કરવાની જરુર નથી. આવા ખેડૂતો પાસેથી ખરાઈ કર્યા બાદ જ ટેકાના ભાવે જથ્થાની ખરીદી કરવામાં આવશે.





# સેવા સહકારી મંડળીઓનો તાલુકા કક્ષાનો સેમીનાર

### સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર બાબતે બજાર સમિતિ-બેડી ખાતે આયોજન

રાજકોટ, તા. ૧૭

સહકાર થી સમૃધ્ધિ અંતર્ગત સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર'' બાબતે બજાર સમિતિ-બેડી(રાજકોટ) ખાતે કેમાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું.

ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૫ ને ''આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ'' જાહેર કરવામાં આવેલ છે. આ સંદર્ભે સહકારી સંસ્થાઓ આર્થિક રીતે સમૃદ્ધ બને અને સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર વધે તે માટે ભારત સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમો અમલમાં મુકવામાં આવેલ છે. તે અંતર્ગત બજાર સમિતિ બેડી-રાજકોટના સહયોગથી બેડી(રાજકોટ) ખાતે સહકાર થી સમૃદ્ધિ કાર્યક્રમ અંતર્ગત તાલુકા કક્ષાનો સેવા સહકારી મંડળીઓનો સેમીનાર રાખવામાં આવેલ. જેમાં રાજકોટ, લોધીકા તથા પડધરી તાલુકાની તમામ મંડળીઓ માટે કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં સરકાર દ્વારા કુલ ૧૭ નવા ઈનીશી યેટીવ અમલમાં મુકવામાં આવેલ છે. તે અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું.

જેમાં જિલ્લા રજિસ્ટ્રાર ડો. બિમલ પટેલ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર(હાઉસીંગ) યશવંત દુધાત્રા, કાર્યાલય અધીક્ષક ગીતાબેન જીવાણી, ઓડીટર ગ્રેડ-૨(લી.રી.) ડી. કે. ઝાલા, મદદનીશ સહકારી અધિકારી અજયભાઈ સાંગાણી, મદદનીશ સહકારી અધિકારી આશિષ સંતોકી, બજાર સમિતિના સેક્રેટરી બાબુભાઈ તેજાણીભાઈ, વા.ચેરમેન વિજયભાઈ કોરાટ, ડિરેટર પરસોત્તમભાઈ સાવલીયા, વસંતભાઈ ગઢીયા, હઠુભા જાડેજા, અતુલભાઈ કમાણી, રાજુભાઈ થાવરીયા, દિલીપભાઈ પનારા, સંદિપભાઈ, રાજકોટ ડિસ્ટ્રીક્ટ બેંકના ડિરેક્ટર ડો. ડાયાભાઈ પટેલ, પડધરી તાલુકા સંઘના પ્રમુખ રાઘવજીભાઈ લુણાગરીયા, સી.એસ.સી. મેનેજર વિપુલભાઈ સુરાણી, વાસ્તો મેનેજર રાજેશભાઈ ડોબરીયા તથા રાજકોટ, લોધીકા અને પડધરી તાલુકાની સેવા મંડળીઓના પ્રમુખ તેમજ મંત્રીઓ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

વધુમાં ઉક્ત કાર્યક્રમમાં રાષ્ટ્રીય લેવલની સહકારી સંસ્થાઓ બીબીએસએસએલ, એનસીઓએલ, એનસીઈએલમાં મોટા ભાગની સેવા મંડળીઓએ સભ્યપદ મેળવી લીધેલ છે અને બાકી રહેલ મંડળીઓને સભ્યપદ માટે અરજી કરાવવામાં આવેલ તેમજ અરજી બાબતે માર્ગદર્શન આપેલ છે. પાણી સમિતિની રચના, CSC સેન્ટર, જન ઔષધિ કેન્દ્ર તેમજ વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજના માટે સેવા મંડળીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું. આ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો, જેમાં તમામ સેવા સહકારી મંડળીઓએ સક્રિય ભાગ લીધો હતો.

### આરોગ્ય સંજીવની-મોબાઈલ હેલ્થ યુનિટનો ૧.૯૮ કરોડથી વધુ નાગરિકોએ લીધો લાભ : ૧૮૧ મહિલા હેલ્પલાઇન દ્વારા ૧૬.૯૫ લાખથી વધુ કોલ એટેન્ડ કરાયા

# ૧૦૮ ઈમરજન્સી સેવા માટે ૧.૮૧ કરોડથી વધુ કોલ કરાયા એટેન્ડ

રાજકોટ, તા. ૧૬

જ્યારે સમયની સોય અટકી જાય, આશાનો દોર તૂટી જાય ત્યારે ૧૦૮ એક નામ નહિ, પણ એક સંજીવની, એક આશ્વાસન, એક જીવનદીપ બનીને નાગરીકોના વ્હારે આવે છે. કટોકટીની પરિસ્થિતિમાં જરૂરિયાતમંદ નાગરીકો માટે ૧૦૮ સહારો બની છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી દ્વારા વર્ષ ૨૦૦૭માં શરૂ કરાયેલી આરોગ્યલક્ષી ૧૦૮ ઇમરજન્સી સેવાનું માળખું આજે અન્ય રાજ્યો માટે એક આદર્શ મોડલ તરીકે પ્રસ્થાપિત થયું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાતના તમામ જિલ્લાના શહેરો, તાલુકા અને છેવાડાના ગામ સુધી આજે ૧૦૮ ઇમરજન્સી સેવા ૨૪x૭ વિનામૂલ્યે ઉપલબ્ધ થઇ રહી છે, જે ગુજરાતના નાગરિકો માટે આશિર્વાદ સમાન છે.

ગુજરાતમાં આરોગ્ય સેવા ક્ષેત્રે ૧૦૮ ઇમરજન્સી સેવા શરુ થઇ ત્યારથી ઓગસ્ટ-૨૦૨૫ સુધીમાં રેકોર્ડ બ્રેક કુલ ૧.૮૧ કરોડથી વધુ ઇમરજન્સી કોલ સફળતાપૂર્વક એટેન્ડ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ૫૯.૦૭ લાખથી વધુ પ્રસૂતિ સંબંધિત ઈમરજન્સી અને માર્ગ અકસ્માતના કિસ્સામાં ૨૨.૦૫ લાખથી વધુ ઈમરજન્સી સેવાઓ આપવામાં આવી છે. જીવન મરણનો સવાલ હોય તેવા આપાતકાલીન સ્થિતિમાં અત્યારસુધીમાં કુલ ૧૭ લાખથી વધુ લોકોના જીવ બચાવવામાં આવ્યા છે, તેમજ એમ્બ્યુલન્સમાં અને જે તે સ્થળ ઉપર કુલ ૧.૫૩ લાખથી વધુ સફળ પ્રસૂતિ કરાવવામાં આવી છે.

૧૦૮ ઇમરજન્સી સેવા ઉપરાંત ગુજરાતમાં અન્ય વિવિધ ઇમરજન્સી સેવાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જે અંતર્ગત વર્ષ ૨૦૧૨થી કાર્યરત ૪૩૪ જેટલી ખિલખિલાટ વાનનો ૧.૩૦ કરોડથી વધુ લાભાર્થીઓએ લાભ લીધો છે. આરોગ્ય સંજીવની-મોબાઇલ હેલ્થ યુનિટમાં કાર્યરત ૧૦૩ વાન થકી ૧.૯૮ કરોડથી વધુ નાગરિકોએ લાભ લીધો છે. વર્ષ ૨૦૧૫થી




શરૂ થયેલી ૧૮૧ મહિલા હેલ્પલાઇન અંતર્ગત ૧૬.૯૫ લાખથી વધુ કોલ એટેન્ડ કરીને ૫૯ વાન દ્વારા ૩.૩૯ લાખથી વધુ મહિલાઓને સ્થળ પર જરૂરી મદદ કરવામાં આવી છે.

ગુજરાતમાં વર્ષ ૨૦૧૭માં શરૂ કરાયેલી ૧૦૪ હેલ્થ હેલ્પલાઇન દ્વારા કુલ ૫૧.૯૨ લાખથી વધુ કોલ એટેન્ડ કરીને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યુ છે. આ ઉપરાંત વર્ષ-૨૦૧૮માં શરૂ કરાયેલી ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ દ્વારા ૭૫૮ જેટલા નાગરિકોનો જીવ બચાવવામાં આવ્યો છે. હાલમાં ગુજરાતમાં બે ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ સેવારત છે. રાજ્યના ૭ જિલ્લાઓમાં વર્ષ ૨૦૧૯થી કાર્યરત ૧૧૨ ઇમરજન્સી સેવા અંતર્ગત ૧.૫૩ કરોડથી વધુ ઇમરજન્સી કોલ, પોલીસ ઇમરજન્સી, ફાયર ઇમરજન્સી, મેડીકલ ઇમરજન્સી અને ડિઝાસ્ટર ઇમરજન્સી સંબંધિત કોલ એટેન્ડ કરવામાં આવ્યા છે.

૧૦૮ દ્વારા ગુજરાતમાં નવતર પહેલના ભાગરૂપે વર્ષ ૨૦૨૦માં ૧૧૦૦ ટેલિ મેડિસિન એટલે કે ઘરે બેઠા ટેલિફોન પર ડોક્ટરનું માર્ગદર્શન સેવાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં તબીબી સલાહ, કાઉન્સેલીંગ, કોવિડ-૧૯ અને વિવિધ આરોગ્ય સંબંધિ સેવાઓ સફળતાપૂર્વક એટેન્ડ કરીને જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે, તેમ ૧૦૮ના ચીફ ઓપરેટીંગ ઓફિસરની યાદીમાં જણાવાયું છે.

# વડાપ્રધાનના જન્મ દિવસની જિલ્લાની સહકારી સંસ્થાઓ દ્વારા અનોખી ઉજવણી

### રાજકોટ જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંખ લીના તાબા હેઠળ પોસ્ટકાર્ડ લખી શુભેચ્છા પાઠવાશે

રાજકોટ, તા. ૧૭

વડાપ્રધાન તેમજ કેન્દ્રીય સહકારીતા મંત્રી દ્વારા આપવામાં આવેલ ''સહકાર થી સમૃધ્ધિ'' સંકલનને વૈશ્વીક સમર્થન આપતા સંયુક્ત રાષ્ટ્ર (UNO) દ્વારા વર્ષ- ૨૦૨૫ને ''આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ તરીકે જાહેર કરવામાં આવેલ છે. જે સંદર્ભમાં સહકારી સંસ્થાઓ આર્થિક રીતે સમૃધ્ધ બને અને સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર વધે તે માટે ભારત સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમો અમલમાં મુકેલ છે. ભારત સરકારએ પ્રાથમિક કૃષિ વિષયક સહકારી મંડળીઓ માટે અનેકવિધ પ્રવૃત્તિઓ (ઈનીશીયેટીવ) શરૂ કરી પેક્સને આર્થિક રીતે સક્ષમ બને તે માટે અનેક પહેલો શરૂ કરવામાં આવેલ છે.

જે અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૫ માં જન્મ દિવસની રાજકોટ જિલ્લાની સહકારી સંસ્થાઓ દ્વારા અનોખી રીતે ઉજવણી કરવામાં આવશે. જેમા રાજકોટ જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંખ લી., રાજકોટ (ગોપાલ ડેરી) ના તાબા નીચે આવતી દૂધ મંડળીઓના દુધ ઉત્પાદકો દ્વારા તેમજ રાજકોટ ખેતીવાડી ઉતત્પન્ન બજાર સમીતી દ્વારા વડાપ્રધાનને પોસ્ટકાર્ડ લખી શુભેચ્છા સંદેશ પાઠવવામાં આવશે.



સરકારની વિવિધ યોજનાઓથી સામાન્ય જનતાને થયેલ લાભો બદલ વડાપ્રધાનનો આભાર માનવામાં આવશે . પ્રાથમિક કૃષિ વિષયક સહકારી મંડળીઓ આર્થિક રીતે સક્ષમ બને તે માટે શરૂ કરવામાં આવેલ CSC ની સુવિધા, અનાજ સંગ્રહ માટે મોટા કદના ગોડાઉન બનાવવા માટે સહાય યોજના, પાણી સમિતિની રચાના, જન ઔષધિ કેન્દ્ર વિગેરે જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ (ઈનીશીયેટીવ) થી સભાસદોને તથા મંડળીઓને થયેલ લાભ બદલ વડાપ્રધાનનો આભાર મનાશે. તો બીજી તરફ 0% વ્યાજ સહાયથી મળતા પાક ધિરાણથી ખેડૂતને થયેલ લાભ બદલ બધા નરેન્દ્ર મોદી નો આભાર વ્યક્ત કરાશે. આ માટે ડો. બી. એન. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટના માર્ગદર્શન હેઠળ રાજકોટ જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., રાજકોટ (ગોપાલ ડેરી) માર્કેટીંગ યાર્ડ-રાજકોટ, શિવશક્તિ શરાફી સહકારી મંડળી લી. અને શિવજયોત શરાફી સહકારી મંડળી લી. રાજકોટ દ્વારા માનનિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૫ માં જન્મ દિવસની શુભેચ્છા પોસ્ટ્ કાર્ડ લખી કરી શરૂઆત કરવામાં આવી.

# સ્વચ્છોત્સ્વ અભિયાનનો શુભારંભ

## સ્વચ્છોત્સ્વ અંતર્ગત સેન્ટ્રલ બસ પોર્ટ આસપાસ તથા જ્યુબિલી ગાર્ડનની સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ

રાજકોટ, તા. ૧૭

ભારત સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા ૨-જી ઓકટોબરના રોજ પૂજ્ય મહાત્મા ગાંધીજીને જન્મ જયંતિની શ્રદ્ધાંજલિ આપવા સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટેના જન આદોલનની ઉજવણીને આહવાન કરવામાં આવેલ છે. સ્વચ્છ ભારત મિશનના ૧૧ મી વર્ષગાંઠની 'સ્વચ્છતા હી સેવા-૨૦૨૫' ને ગઈકાલથી થી તા.૩૧ મી ઓક્ટોબર,૨૦૨૫ સુધી સ્વચ્છોત્સ્વ તરીકે ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા હી સેવા-૨૦૨૫ સ્વચ્છોત્સ્વ અંતર્ગત પબ્લિક ટ્રાન્સપોર્ટ, ધાર્મિક અને પ્રવાસન સ્થળ, નદી તળાવ, સર્કલ, પ્રતિમાઓ, ખુલ્લા પ્લોટ, શહેરના એન્ટ્રી પોઈન્ટ, ફૂટપાથ, માર્કેટ અને વાણિજ્ય વિસ્તારની સફાઈ અર્થે ઝુંબેશ ચલાવવામાં આવનાર છે તેમજ જનજાગૃતિ અર્થે સાંસ્કૃતિક ઉત્સવ, સ્વચ્છતા રેલી, યોગ શિબિર, સ્વચ્છ વોર્ડ સ્પર્ધા, શૈક્ષણિક સંસ્થાની ભાગીદારી, સાઇકલોથોન, સ્વચ્છતા શપથ, ભીંતચિત્રો બનાવવા, સેલ્ફી પોઈન્ટ ઇન્સ્ટોલેશન અને માનવ શૃંખલા, સફાઈ મિત્ર સુરક્ષા શિબિર, એક પેડ માં કે નામ વૃક્ષારોપણ, સ્વચ્છ ફૂડ સ્ટ્રીટ, શેરી નાટક, રીડ્યુસ-રિયુઝ-રીસાઈકલ સિધ્ધાંતને આગળ વધારવા માટે કેમ્પ, સ્વચ્છતા સંવાદ, વેસ્ટ ટુ આર્ટ ફેસ્ટ વગેરે કાર્યકમો હાથ ધરવામાં આવનાર છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન, રીક્ષા સ્ટેન્ડ, રાજ્ય ધોરી માર્ગ તથા રાષ્ટ્રીય ધોરી માર્ગની સફાઈ, શહેરના મુખ્ય માર્ગની સફાઈ, બજાર અને વાણિજ્ય વિસ્તારની સફાઈ, પબ્લિક ટોયલેટ તથા કોમ્યુનિટી ટોયલેટની સફાઈ માટે સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે. જે અંતર્ગત આજ શહેરના ઢેબરભાઈ રોડ પર આવેલ સેન્ટ્રલ એસ. ટી. બસ સ્ટેશન આસપાસ તથા શહેરના જ્યુબિલી ગાર્ડન આસપાસ શ્રમદાન અને સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી. શ્રમદાન ઝુંબેશ પહેલા મહાનુભાવો દ્વારા પૂજ્ય મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલી કરવામાં આવી.



આ શ્રમદાન અને સઘન સફાઈ ઝુંબેશમાં ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, મેયર નયનાબેન પેઢડીયા, સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ડો.દર્શિતા શાહ, રમેશભાઈ ટીલાળા, રાજકોટ શહેર મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ દંડક મનિષભાઈ રાડીયા, સેનિટેશન કમિટી ચેરમેન નિલેશભાઇ જલુ સહિત સ્થાનિક આગેવાનો તથા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં . આ ઉપરાંત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના વોર્ડ નં.૧ થી ૧૮ વોર્ડમાં પણ શ્રમદાન અને સઘન સફાઈ ઝુબેશ હાથ ધરવામાં આવેલ. આ ઝુંબેશમાં વોર્ડ નં.૧ થી ૧૮ વોર્ડમાં લગત વોર્ડના કોર્પોરેટરઓ, સ્થાનિક આગેવાનો, અધિકારીઓ-કર્મચારીઓ જોડાયા હતા.



# સ્વસ્થ નારી સશક્ત પરિવાર અભિયાનનો રાજકોટથી પ્રારંભ

## કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, મુળુભાઇ બેરાની ઉપસ્થિતિમાં જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો : ૧,૨૪૫ સિનિયર સિટીઝન લાભાર્થીઓને સહાયક ઉપકરણોનું વિતરણ

રાજકોટ, તા. ૧૭

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૫મા જન્મ દિવસે સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાનનો દેશવ્યાપી આરંભ કરાવ્યો હતો. રાજકોટમાં મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબહેન બાબરીયા, વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં સ્વસ્થ નારી સશક્ત પરિવાર'' અભિયાન હેઠળ જિલ્લા કક્ષાના કાર્યક્રમનો આરંભ કરાવવામાં આવ્યો હતો.

આ સાથે ''રાષ્ટ્રીય પોષણ માહ'' તેમજ ''સ્વચ્છતા હી સેવા'' અભિયાનના જિલ્લા કક્ષાના કાર્યક્રમો શરૂ કરાવવામાં આવ્યા હતા.


મધ્યપ્રદેશના ધાર ખાતે યોજાયેલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના કાર્યક્રમનું જીવંત પ્રસારણ અનેક લોકોએ નિહાળ્યું હતું. આ અવસરે રાજકોટ સિવિલ હોસ્પિટલના ઉપક્રમે મેગા આરોગ્ય તપાસ કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં વિવિધ વિભાગના નિષ્ણાત ડોક્ટરોની ટીમ ખડે પગે રહીને લાભાર્થીઓના આરોગ્યની તપાસ કરી હતી. ઉપરાંત રેડ ક્રોસ તેમજ વિવિધ સંસ્થાઓના ઉપક્રમે રક્તદાન કેમ્પ પણ યોજવામાં આવ્યો હતો. જેમાં રક્તદાન માટે લોકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

આ કાર્યક્રમમાં મંત્રી તેમજ મહાનુભાવોના હસ્તે રાષ્ટ્રીય વયો યોજનાના સિનિયર સિટીઝન લાભાર્થીઓને સહાયક ઉપકરણોનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. કુલ મળીને ૧૨૪૫ સિનિયર સિટીઝનોને સહાયક ઉપકરણો આપવામાં આવશે. રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે ''સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાન અન્વયે જિલ્લા કક્ષાના ઉદ્દઘાટન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ તેમજ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટર ડો. ઓમ પ્રકાશે સ્વાગત પ્રવચન સાથે સૌને આવકાર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, ગઈકાલે રાજકોટ જિલ્લાના તમામ તાલુકાઓમાં રકતદાન કેમ્પ યોજાયા હતા. જેમાં આશરે ૧૮૦૦ જેટલા યુનિટ રક્ત એકત્ર થયું છે. રાજકોટ જિલ્લામાં સિનિયર સિટિઝનોને સહાયક સાધનો આપવા માટે ૧૭ એસેસમેન્ટ કેમ્પ યોજીને, ૪૪૭૯ લાભાર્થીઓ માટે ૨૬,૭૩૩ સહાયક ઉપકરણો મંજૂર કરવામાં આવ્યા છે. આ એસેસમેન્ટ કેમ્પોમાં ૧૨૨ સિનિયર સિટીઝનોને અન્ય વિભાગની યોજનાઓના પણ લાભ આપવામાં આવ્યા છે.

# પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજનામાં બે કરોડથી વધુ લોકો જોડાયા

## વાર્ષિક રૂપિયા ૨૦માં ૭૦ વર્ષની ઉંમર સુધી ૨ લાખ સુધીનું વીમા કવરેજ ઉપલબ્ધ




રાજકોટ, તા. ૧૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં 'જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાન' અંતર્ગત ગુજરાતમાં 'પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના'માં તા. ૨૭ ઓગસ્ટ-૨૦૨૫ની સ્થિતિએ રેકોર્ડબ્રેક કુલ ૨.૦૧ કરોડથી વધુ લાભાર્થીઓ જોડાયા છે. આ લાભાર્થીઓએ વાર્ષિક માત્ર રૂ.૨૦ ભરીને પોતાના આકસ્મિક મૃત્યુ અથવા અપંગતાના કિસ્સામાં રૂ. ૧ થી ૨ લાખ સુધીનું વીમા સુરક્ષા કવચ લઈને પોતાના પરિવારની આર્થિક સુરક્ષા વધુ સુનિશ્ચિત કરી છે. આ યોજના અંતર્ગત આકસ્મિક મૃત્યુ અથવા અપંગતાના કિસ્સામાં, ખાસ કરીને ઓછી આવક ધરાવતા તેમજ અસંગઠિત ક્ષેત્રના કામદારોને નજીવા દરે વ્યક્તિગત અકસ્માત વીમા કવરેજ પુરૂ પાડવામાં આવે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશના છેવાડાના સામાન્ય નાગરિક-શ્રમિકો માટે વિવિધ સામાજિક અને આર્થિક સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે અનેકવિધ કલ્યાણલક્ષી યોજનાઓ અમલી બનાવી છે. આમાં મુખ્યત્વે પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના-ડ્ઢજીઈઢ, પ્રધાનમંત્રી જન ધન યોજના-ડ્ઢઉઉઢ, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના- ડ્ઢઉઉંઈઢ તેમજ અટલ પેન્શન યોજના- અઙ્ઢ એમ કુલ ચાર યોજનાઓનો સમાવેશ થાય છે. ભારત સરકારના ઉપક્રમે ગુજરાત સહિત વિવિધ રાજ્યોમાં ગત તા. ૦૧ જુલાઈ થી ૩૦ સપ્ટેમ્બર-૨૦૨૫ સુધી ત્રણ મહિના માટે વિશેષ રીતે નાણાકીય સમાવેશ અને સામાજિક સુરક્ષા યોજના અંતર્ગત દેશભરમાં 'જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાન' ચલાવવામાં આવી રહ્યું છે.

કેન્દ્રની આ યોજનાઓનો લાભ રાજ્યના છેવાડાના નાગરિકને ઘર આંગણે મળી રહે તે માટે ગુજરાતની ૧૪,૬૧૦ ગ્રામ પંચાયતો તથા શહેરી સ્થાનિક સંસ્થાનોમાં આ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જેમાં મદદરૂપ થવા સેવારત ગ્રામ કોમ્પ્યુટર સાહસિક-ટઈઊને આ જવાબદારી આપવાનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં તાજેતરમાં મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આ અભિયાન હેઠળ જે નાગરિકોને બેંકમાં ખાતું ના હોય તો ખોલાવવા ઉપરાંત ઊઢ્ઢઈ તેમજ જે ખાતામાં વારસદારોની નોંધણી બાકી હોય તેમાં નોંધણી કરાવવી, ડિજિટલ છેતરપિંડી નિવારણ, બેંકમાં દાવા વગરની થાપણો અંગે વિવિધ જાણકારી ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ સંદર્ભે વધુ વિગતો માટે નજીકની બેંક શાખા, બેંક મિત્ર કે ટઈઊને સંપર્ક કરવાનો રહેશે. ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા રજૂ કરાયેલા 'વિકસિત ભારત'ના વિઝન અંતર્ગત 'જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાન'ને ગુજરાતમાં સફળ બનાવવા રાજ્ય સ્તરીય પ્રારંભ ગત તા. ૦૧ જુલાઈ ૨૦૨૫ના રોજ ગાંધીનગર જિલ્લાના પુંધરા ગામમાંથી કરાયો હતો. જેનું વર્ચ્યુઅલ ઉદઘાટન મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા નાણા મંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. ડ્ઢજીઈઢ યોજનાનો લાભ લેવા બેંકમાં બચત ખાતું તેમજ ૧૮ થી ૭૦ વર્ષ આયુ ધરાવતા હોવા જોઈએ. જેમાં આકસ્મિક મૃત્યુ અથવા સંપૂર્ણ કાયમી અપંગતા માટે રૂ. બે લાખ તેમજ આંશિક કાયમી અપંગતા માટે રૂ. એક લાખના વીમા કવરેજનો લાભ આપવામાં આવે છે.

# સર્જન ડો. કૌશલ પટેલનું રિસર્ચ આંતરરાષ્ટ્રીય જર્નલમાં સિલેક્ટ

## ઘૂંટણના લીગમેન્ટની ઇન્જરી સારવાર માટે વિદેશ નહીં રાજકોટ ખાતે જ અદ્યતન સારવાર મળી રહેશે

રાજકોટ, તા. ૧૭

રાજકોટના જાણીતા આર્થ્રોસ્કોપી સર્જન ડો કૌશલ પટેલ કે જે ઘૂંટણ અને ખંભાના લીગમેન્ટ તેમજ ખંભાના સાંધા બદલવાની સર્જરીના સુપરસ્પેશિયાલિસ્ટ ડોક્ટર છે. તાજેતર માં તેમણે રમતગમત સાથે સંકળાયેલા લોકો, એથલેટ વગેરે માં જ્યારે ઘૂંટણ ના લીગમેન્ટ ની ઇનજૂરી થાય ત્યારે તેમને સર્જરી ની મદદ થી ઉત્તમ રિઝલ્ટ આપતી તેમજ ઝડપ થી સ્પોર્ટ્સ રમી શકાય તેવી સર્જરી ની ટેક્નિકનું સંશોધન પેપર ઓર્થોપેડિક ની આંતરરાષ્ટ્રીય જર્નલ માં મોકલ્યું હતું. Combined ACL and ALL ligament reconstruction



using hamstring graft Indian Journal of Orthopaedicમાં પ્રકાશિત થયું. આ ટેકનિક થી રમતગમત સાથે સંકળાયેલા લોકો કે જેમને ઘૂંટણના લીગમેન્ટ ની ઇન્જરી થાય છે અને તેની સારવાર માટે વિદેશ જવું પડતું હતું તેના બદલે આ નવીનતમ ટેકનિક ની મદદ થી રાજકોટ ખાતે જ આંતરરાષ્ટ્રીય કક્ષા ની સારવાર ડો. કૌશલ પટેલ પાસે મળી શકસે.

ડો. કૌશલ પટેલે આર્થ્રોસ્કોપી અને સ્પોર્ટ્સ મેડિસિનના વિશ્વનાપાયોનીયર કન્ટ્રી સાઉથ કોરિયામાં સેન્ટ મેરી હોસ્પિટલ ખાતે લીગામેન્ટની ઇજા તથા તેની સારવાર માટે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ છે. તેમજ ઘૂંટણ તથા ખંભાના લીગામેન્ટની ઇજાઓ અને તેની સારવારની એડવાન્સ ટેકનોલોજીનો ફ્રાન્સની Santy Orthopaedic Hospital ખાતે પણ અભ્યાસ કરેલ છે. ડો. કૌશલ પટેલ ઘૂંટણના લીગામેન્ટની ઇજા, ઘૂંટણની ગાદી ની ઇજા, ઘૂંટણનો સાંધો બચાવવાનું ઓપરેશન (HTO), ખંભાના લીગામેન્ટની ઇજા, ફ્રોઝન શોલ્ડર, ખંભાનું વારંવાર ઉતરી જવું, Shoulder Replacement આ બધી તકલીફોના દુરબીનથી ઓપરેશન કરવાના નિષ્ણાંત સર્જન છે. અત્યાર સુધીમાં આ પ્રકાર ના ૩૦૦૦ થી વધુ ઓપરેશનનો અનુભવ ધરાવે છે. આ બધી તકલીફોની સારવારનું ઉચ્ચ શિક્ષણ તેમણે સાઉથ કોરિયા અને ફ્રાન્સ ખાતે મેળવેલ છે. હાલમાં તેઓ રાજકોટની શિવ ઓર્થોપેડીક સુપરસ્પેશિયાલીટી હોસ્પિટલ, બાલાજી હોલની બાજુમાં, ૧૫૦ ફુટ રીંગ રોડ ખાતે સેવા આપે છે.

### ૮૨ કલાકારો દ્વારા અંદાજીત ૪૦૦ કિલો ચિરોડી કલરના ઉપયોગથી અલગ અલગ ૨૫ થી વધુ થીમ પર ૭૫ રંગોળી બનાવાઈ

# સ્વચ્છતા હી સેવા થીમ પર રંગોળી ઉત્સવ




રાજકોટ, તા. ,૧૭

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના ૭૫માં જન્મ દિવસના અનુસંધાને ''સ્વચ્છતા હી સેવા'' થીમ આધારિત રાજકોટ મહાનગરપાલિકા અને મિશન સ્માર્ટ સીટી ટ્રસ્ટ-ચિત્રનગરીના ઉપક્રમે મહાત્મા ગાંધી મ્યુઝિયમ ખાતે રંગોલી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું. સરકારના કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયાના વરદ હસ્તે સુતરની દોરી કટ કરી શુભારંભ કરવામાં આવ્યો. ત્યારબાદ ઉપસ્થિત સૌ મહાનુભાવોએ કલાકારો દ્વારા બનાવવામાં આવેલ તમામ ૭૫ રંગોળી નિહાળી હતી.

આ રંગોળી ઉત્સવની વિશિષ્ટતા એ છે કે, ગોંડલના એક એવા કલાકાર કે જેનો ઉપયોગ પોલીસ ખાતામાં કોઈ ગુનેગારનો સ્કેચ બનાવવામાં થાય છે એવા ભાવેશભાઈ બગથરીયાએ અહી રંગોળી બનાવી હતી. અન્ય કલાકારોની વાત કરીએ તો નાનામાં નાના ૧૪ વર્ષથી લઈને ૬૦ વર્ષના વરિષ્ઠ કલાકારોએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો. અલગ અલગ ૨૫થી વધુ થીમ જેમાં સૌથી વધુ સ્વચ્છોત્સવ, શહેરી વિકાસ વર્ષ, ઓપરેશન સિંદૂર, અમૃત મિશન અને ચંદ્રયાન જેવી થીમો ઉપર ૮૨ કલાકારો દ્વારા અંદાજિત ૫૦૦ માનવ કલાકના શ્રમથી અંદાજિત ૪૦૦ કિલો ચિરોડી કલરનો ઉપયોગ કરી ૭૫ રંગોળી બનાવવામાં આવી હતી.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# ભાવ અભાવ

## કૃષિ ક્ષેત્રની સમસ્યાનો કાયમી શ્રેષ્ઠ ઉકેલ જરૂરી



ભારતીય લોકશાહીમાં એક ગજબની પરંપરા ચાલે છે મોટાભાગની સમસ્યાઓનો કાયમી અને શ્રેષ્ઠ ઈલાજ વિચારાતો નથી. દેકારા થાય ત્યારે માત્ર થીગડા મારવામાં આવે છે. ભારત કૃષિ પ્રધાન દેશ છે રાષ્ટ્રના ૭૦% થી વધારે લોકો જ જોડાયેલા છે. અને કૃષિ ક્ષેત્ર અર્થતંત્રની મુખ્ય ભૂમિકામાં છે છતાં આ ક્ષેત્રે સ્પષ્ટ નીતિનો અભાવ છે.


સૌરાષ્ટ્રના હળવદ ગામથી એક સમાચાર આવ્યા કે માર્કેટિંગ યાર્ડમાં મગફળીના નીચા ભાવ બોલાતા ખેડૂતો વિફર્યા અને હોબાળો મચાવ્યો હતો. હરાજી બંધ કરવાની ફરજ પાડવામાં આવી હતી. આ સમસ્યા માત્ર મગફળીની જ નથી લગભગ દરેક કૃષિ પાકો માર્કેટમાં આવે ત્યારે તેની કિંમતો ગબડી જાય છે. હાલ સૌરાષ્ટ્રમાં ડુંગળીની દશા પણ ખૂબ ખરાબ છે આ ઉપરાંત ૧૫ એક દિવસ પૂર્વે કેળાની કિંમત પણ અતિશય બગડી ગઈ હતી ખેડૂતો દેકારો કરે ત્યારે ઘણા પાકોમાં ટેકાના ભાવ નક્કી કરવામાં આવે છે.

ભારતનો મુખ્ય વ્યવસાય કૃષિ છે. આ ક્ષેત્ર વટમાં રહેવાને બદલે આજીજીમાં જીવતું રહે છે. બાળક નાનું હોય ત્યારે તેને હાથ પકડીને ચાલતા શીખવું પડે મોટું થાય ત્યારે આત્મનિર્ભર બની જાય પુખ્તવયનાને ચાલવા માટે ટેકો આપવો પડે એ શરમની બાબત ગણાય. આઝાદીના સાત દાયકા બાદ પણ કૃષિ ક્ષેત્ર ટેકાના ભાવ પર જીવી રહ્યું છે દેશના મુખ્ય વ્યવસાયની આ દશા યોગ્ય છે ?

દેશ દુનિયામાં શ્રેષ્ઠતમ મગફળીનું ઉત્પાદન માત્ર સૌરાષ્ટ્રમાં થાય છે. આ આપણું ગૌરવ અને તાકાત ગણાય. મગફળીના પાકના ભાવની દશા પણ બગડેલી રહે એ તો શરમજનક જ ગણાય. મુખ્ય મુદ્દો એ છે કે કૃષિ ક્ષેત્રની રીયલ સમસ્યાઓને અને કૃષિ ક્ષેત્રને મોટા ભાગે રાજકીય દ્રષ્ટિકોણ થી જ જોવામાં આવે છે. રાજકીય લાભ તથા નુકસાનનો વિચાર કરીને નિર્ણય કરવામાં આવે છે.

કૃષિ ક્ષેત્રને વ્યવસાય દષ્ટિએ જોવાતું જ નથી એક સમયે કૃષિ ક્ષેત્ર બિચારું હતું હવે તેવું નથી. સરકારી નીતિ દ્રષ્ટિ કોણના કારણે ઘણા ખેડૂતો બિચારા જેવી દશામાં છે. કૃષિ ક્ષેત્રને વ્યવસાય દ્રષ્ટિ કોણ થી જોવાની ટેવ પાડવી અનિવાર્ય છે. દુકાનદાર કે વ્યાપારીને નફો નુકસાન જે કંઈ થાય તે માટે સરકાર નહીં ખુદને જવાબદાર ગણે છે. ફરી નુકસાની ન થાય તે માટે વ્યાપારી ફેરફારો કરતા રહે છે. કૃષિ ક્ષેત્રમાં વચેટીયાઓ મહાકાય ખેલાડી બની ગયા છે જે મલાઈ તારવે છે. કૃષિ પાકોના પૂરતા ભાવ મળતા નથી.

ખેડૂતોએ કૃષિ પાકોના પ્રોસેસિંગ તરફ વળવું અને બીટુબી તથા બીટુસી વ્યવસાય આદરવો એ શ્રેષ્ઠ ઉકેલ છે. આવા પ્રયોગો ઘણા ખેડૂતોએ કર્યા છે માત્ર ટેકાના ભાવ પર જીવવાથી સમૃદ્ધિ કે સ્વમાન પ્રાપ્ત નહીં થાય.






# મોદીજીના હસ્તે સશક્ત પરિવાર અભિયાનનો પ્રારંભ

## દેશભરમાં મહિલાઓ માટે આરોગ્ય શિબિરોનું આયોજન ૮મો રાષ્ટ્રીય પોષણ મહિનો પણ શરૂ કરવામાં આવ્યો

નવીદિલ્હી, તા. ૧૭

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે મધ્યપ્રદેશના ધારથી સ્વસ્થ નારી સશક્ત પરિવાર અભિયાન (સ્વસ્થ મહિલા, સશક્ત પરિવાર) શરૂ કર્યું. આ અભિયાન હેઠળ, દેશભરમાં મહિલાઓ માટે આરોગ્ય શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ૮મો રાષ્ટ્રીય પોષણ મહિનો પણ શરૂ કરવામાં આવ્યો હતો. આ શિબિરોમાં મહિલાઓને મફત તબીબી સારવાર મળશે. આ અભિયાન ૧૭ સપ્ટેમ્બરથી ૧૬ ઓક્ટોબર સુધી ચાલશે. સભાને સંબોધતા, પીએમ મોદીએ જણાવ્યું હતું કે ધાર હંમેશા પ્રેરણાની ભૂમિ રહી છે, અને આજનો કાર્યક્રમ મહિલા સશક્તિકરણ પર ઊંડો કેન્દ્રિત રહ્યો છે. જ્યારે આ કાર્યક્રમ ધારમાં યોજાઈ રહ્યો છે, ત્યારે તે સમગ્ર રાષ્ટ્ર માટે, સમગ્ર દેશની માતાઓ અને બહેનો માટે પણ છે. સ્વસ્થ નારી સશક્ત પરિવાર અભિયાન અહીંથી શરૂ કરવામાં આવી રહ્યું છે.

પીએમ મોદીએ કહ્યું કે મહિલા શક્તિ એ રાષ્ટ્રની પ્રગતિનો મુખ્ય આધાર છે. આપણે બધા જોઈએ છીએ કે જો માતા સ્વસ્થ હોય, તો આખું ઘર ખીલે છે. જો કે, જો માતા બીમાર પડે, તો સમગ્ર પરિવારની વ્યવસ્થા તૂટી પડે છે. તેથી, સ્વસ્થ નારી સશક્ત પરિવાર અભિયાન માતાઓ અને બહેનોને સમર્પિત છે. અમારો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે માહિતીના અભાવે એક પણ મહિલા ગંભીર બીમારીનો ભોગ ન બને. પીએમ મોદીએ કહ્યું કે ઘણા રોગો એવા છે જે શાંતિથી આવે છે અને તપાસના અભાવે ગંભીર બની જાય છે. આવા રોગોને તેમના પ્રારંભિક તબક્કામાં જ શોધી કાઢવા મહત્વપૂર્ણ છે, તેથી, આ અભિયાન હેઠળ, બધા માટે સ્ક્રીનીંગ કરવામાં આવશે, પછી ભલે તે બ્લડ પ્રેશર હોય, ડાયાબિટીસ હોય કે કેન્સર હોય. દેશભરની મારી માતાઓ અને બહેનોએ હંમેશા મને આશીર્વાદ આપ્યા છે. તમે અમારા રક્ષણનું ઢાલ છો. પરંતુ આજે હું તમારી પાસે કંઈક માંગવા આવ્યો છું. હું તમને આ શિબિરોમાં ખચકાટ વિના જાઓ અને પરીક્ષણ કરાવો તેવું કહુ છું.

તેમણે કહ્યું, ''એક પુત્ર તરીકે, એક ભાઈ તરીકે, હું ઓછામાં ઓછું તમારી પાસેથી આટલું તો માંગી શકું છું. તમારે આ શિબિરોમાં એક પણ પૈસો ચૂકવવો પડશે નહીં. પરીક્ષણ મફત હશે, અને દવા પણ મફત હશે. સરકારી તિજોરી તમારા સારા સ્વાસ્થ્ય કરતાં વધુ મૂલ્યવાન છે. આ તિજોરી તમારા માટે છે.'' આ અભિયાન હેઠળ, દેશભરના આયુષ્માન આરોગ્ય મંદિરો, સામુદાયિક આરોગ્ય કેન્દ્રો (CHC), જિલ્લા હોસ્પિટલો અને અન્ય સરકારી આરોગ્ય સુવિધાઓમાં એક લાખથી વધુ આરોગ્ય શિબિરોનું આયોજન કરવામાં આવશે. તે બિન-ચેપી રોગો, એનિમિયા, સિકલ સેલ રોગ માટે સ્ક્રીનીંગ, વહેલા નિદાન અને સારવાર જોડાણોને મજબૂત બનાવશે, તેમજ પ્રસૂતિ પહેલાની સંભાળ, રસીકરણ, પોષણ, માસિક સ્વચ્છતા, જીવનશૈલી અને માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ પ્રવૃત્તિઓ દ્વારા માતા, બાળક અને કિશોરોના સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપશે.

# મારું કામ નમક જેવું : પાસવાન

## બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા, NDAમાં સીટ ફાળવણી પર વિવાદ ચાલી રહ્યો છે તેમાં ચિરાગ પાસવાનનું નિવેદન રાજકીય ગતિવિધિઓને કરી તેજ

નવીદિલ્હી, તા.૧૭

બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા, ગઉઅ માં સીટ ફાળવણી પર વિવાદ ચાલી રહ્યો છે. લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ) ના નેતા ચિરાગ પાસવાને એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે તેઓ શાકભાજીમાં મીઠા જેવા હતા. તેમણે એમ પણ કહ્યું હતું કે દરેક સીટ પર તેમની પાર્ટીનો પ્રભાવ ૨૦,૦૦૦ થી ૨૫,૦૦૦ મતોનો હતો. ચિરાગ પાસવાનનું આ નિવેદન એક મહત્વપૂર્ણ સંદેશ આપે છે. ચિરાગ NDA અને રાજ્યની શક્તિ માટે પોતાનું મહત્વ દર્શાવી રહ્યા છે. અહેવાલો અનુસાર, ચિરાગ ૪૦ બેઠકો પર ચૂંટણી લડવા માંગે છે, પરંતુ ભાજપ ૨૫ થી વધુ બેઠકો સ્વીકારવા માટે તૈયાર નથી. પોતાને મીઠું ગણાવીને, કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાન એ સંદેશ આપી રહ્યા છે કે તેઓ કોઈપણ શાકભાજી માટે મીઠા જેટલા જ જરૂરી છે. જો મીઠું વધુ પડતું હશે, તો શાકભાજી બગડી જશે; તેવી જ રીતે, જો બેઠકો અંગેની તેમની માંગણીઓ પૂર્ણ નહીં થાય, તો તે NDA માટે સંકટ હશે.

ચિરાગે ૨૦૨૦ ની વિધાનસભા ચૂંટણી એકલા લડી હતી. તેમણે ૧૩૫ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા હતા અને ફક્ત એક જ જીતી હતી. પરંતુ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ચિરાગ પાસવાનનું



નસીબ બદલાઈ ગયું. તેમની પાર્ટીએ પાંચ બેઠકો પર ચૂંટણી લડી અને બધી જીતી લીધી. આ પ્રદર્શનથી ચિરાગ પાસવાનનું મનોબળ વધ્યું. લોજપાના મત હિસ્સામાં પણ ૧ ટકાનો વધારો થયો. ચિરાગ પાસવાને કહ્યું, ''અમે સન્માનજનક બેઠકો ઇચ્છીએ છીએ. મારી પાસે સંખ્યાઓ ધ્યાનમાં છે, અને અમે સારી બેઠકો ઇચ્છીએ છીએ.'' જોકે, તેમણે એ વાત પર ભાર મૂક્યો કે લોજપા (રામવિલાસ) ઔપચારિક રીતે બિહારમાં શાસક ગઠબંધનનો સભ્ય નથી. તેમણે કહ્યું, ''હું બિહારમાં એનડીએ સરકારનો ભાગ નથી. હું ફક્ત સરકારને ટેકો આપી રહ્યો છું. હું ફક્ત કેન્દ્રમાં એનડીએનો ભાગ છું.''

તેમણે બીજી એક ટિપ્પણી કરી જે તેમના વર્તમાન સાથી પક્ષો માટે ચેતવણી ગણી શકાય. તેમણે એમ પણ કહ્યું, ''જો હું અસ્વસ્થતા અનુભવું છું અથવા ખૂબ મહત્વાકાંક્ષી છું... તો મારી પાસે હંમેશા ગઠબંધનમાંથી બહાર નીકળવાનો વિકલ્પ રહે છે.'' ચિરાગ પાસવાન લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ)નું નેતૃત્વ કરે છે. પીઢ રાજકારણી અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી રામવિલાસ પાસવાનના મૃત્યુ પછી પાર્ટી વિભાજીત થઈ ગઈ. એલજેપી (રામ વિલાસ) ને પાસવાનનો ટેકો છે, જે એક પ્રભાવશાળી દલિત સમુદાય છે જે બિહારની વસ્તીના ૬ ટકા હિસ્સો ધરાવે છે.

૨૦૨૪ ની સામાન્ય ચૂંટણીઓમાં, ચિરાગ પાસવાનની પાર્ટીએ તેણે લડેલી બધી પાંચ બેઠકો જીતી હતી, ૬ ટકાથી વધુ મત મેળવ્યા હતા. રામ વિલાસ પાસવાનના મૃત્યુ પછી તરત જ યોજાયેલી ૨૦૨૦ ની બિહાર ચૂંટણીમાં, અવિભાજિત એલજેપીએ એકલા ચૂંટણી લડી હતી. તેણે એક બેઠક જીતી હતી પરંતુ નવમાં બીજા સ્થાને રહી હતી, ૫.૬ ટકાથી વધુ મત હિસ્સો મેળવ્યો હતો અને એનડીએને નુકસાન પહોંચાડ્યું હતું. ભાજપ જાણે છે કે ચિરાગ પાસવાન આ વખતે વધુ નુકસાન પહોંચાડી શકે છે.

# અંડરવર્લ્ડ ડોન છોટા રાજનને ઝટકો

## જયા શેટ્ટી હત્યા કેસમાં સુપ્રીમ કોર્ટે સજા પરનો સ્ટે ઉઠાવ્યો

નવીદિલ્હી, તા. ૧૭

અંડરવર્લ્ડ ડોન છોટા રાજનને સુપ્રીમ કોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો છે. ૨૦૦૧ના જયા શેટ્ટી હત્યા કેસમાં એક મહત્વપૂર્ણ ચુકાદામાં, સુપ્રીમ કોર્ટે છોટા રાજનની સજા પરનો સ્ટે ઉઠાવી લીધો છે. સુપ્રીમ કોર્ટે બુધવારે છોટા રાજનની સજા પરનો સ્ટે ઉઠાવી લીધો. ચાલો સમગ્ર મામલો અને કોર્ટે તેના ચુકાદામાં શું કહ્યું તેની તપાસ કરીએ. આ કેસ ૨૦૦૧માં હોટેલ માલિક જયા શેટ્ટીની હત્યા સાથે સંબંધિત છે. ગયા વર્ષના મે મહિનામાં એક ખાસ કોર્ટે શેટ્ટીની હત્યા માટે અંડરવર્લ્ડ ડોન છોટા રાજનને દોષિત ઠેરવ્યો હતો અને તેને આજીવન કેદની સજા ફટકારી હતી. રાજને આ સજાને હાઈકોર્ટમાં અપીલ કરી હતી. ૨૩ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજના પોતાના આદેશમાં, બોમ્બે હાઈકોર્ટે તેની સજા સ્થગિત કરી હતી અને તેને જામીન આપ્યા હતા. સીબીઆઈએ બોમ્બે હાઇકોર્ટના આ આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો.

સુનાવણી દરમિયાન, ન્યાયાધીશ વિક્રમ નાથ અને ન્યાયાધીશ સંદીપ મહેતાએ સ્પષ્ટપણે કહ્યું હતું કે, ''જો ચાર કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યા છે,



તો આ કેસમાં સજા કેમ રોકવી જોઈએ?'' છોટા રાજનના વકીલે જવાબ આપ્યો, ''સીબીઆઈને ૭૧ માંથી ૪૭ કેસમાં કોઈ પુરાવા મળ્યા નથી.'' જોકે, કોર્ટે આ દલીલને ફગાવી દીધી. બેન્ચે કહ્યું, ''અમે આ કેસમાં જામીન રદ કરીશું.'' રાજનના વકીલે વળતો જવાબ આપતા કહ્યું કે આ પુરાવા વિનાનો કેસ છે. બેન્ચે જવાબ આપ્યો, ''તમારું નામ જ પૂરતું છે.'' સીબીઆઈની અપીલ સ્વીકારીને, સુપ્રીમ કોર્ટે આ કેસમાં છોટા રાજનના જામીન રદ કર્યા. અહેવાલો અનુસાર, છોટા રાજન ૨૭ વર્ષથી ફરાર રહ્યો અને ચાર કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યો છે. પીટીઆઈ અનુસાર, રાજન પહેલાથી જ અનુભવી ક્રાઈમ રિપોર્ટર જે. ડેની હત્યા બદલ આજીવન કેદની સજા ભોગવી રહ્યો છે. તેથી, તેને ફરીથી શરણાગતિ સ્વીકારવાની જરૂર નથી. બોમ્બે હાઈકોર્ટે ૨૦૦૧ના જયા શેટ્ટી હત્યા કેસમાં અંડરવર્લ્ડ ડોન છોટા રાજનની આજીવન કેદની સજાને સસ્પેન્ડ કરી દીધી. હવે, સુપ્રીમ કોર્ટે રાજનને મોટો ફટકો આપ્યો છે.

જયા શેટ્ટી હત્યા કેસ ઉપરાંત, છોટા રાજનને ૨૦૧૧ માં પત્રકાર જ્યોતિર્મય ડે હત્યા કેસમાં પણ આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. લગભગ અઢી દાયકા સુધી ફરાર રહ્યા બાદ, ઓક્ટોબર ૨૦૧૫ માં બાલીમાં તેની ધરપકડ કરવામાં આવી હતી અને તેને ભારત પ્રત્યાર્પણ કરવામાં આવ્યો હતો. મહારાષ્ટ્રમાં તેની સામે ૭૧ કેસ નોંધાયા હતા, જે બાદમાં CBIને ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

શબ્દ બ્રહ્મ

સદગુરુ કૃપા હી કેવલમ્...

# ચાલો પ્રાર્થના કરીએ

## 'મંદિર તારું વિશ્વ રૂપાળું' એ પ્રાર્થનામાં કવિ મંદિર કોને કહે છે?



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે મમ્મીની પાંચમી પુણ્યતિથિ છે! એટલે કે શ્રાદ્ધ છે, જોકે માબાપને યાદ કરવાં પુણ્યતિથિ કે જન્મ દિવસની જરૂર પડતી નથી. સર્જન વિસર્જન તો સૃષ્ટિની અનેરી ખાસિયત છે, એનો બહુ લાંબો હરખ શોક ન હોય, એવાં સહજ અને પ્રથમ જ્ઞાનની મમ્મી જનેતા રહી, અને આવી તો કેટલીય ઉચ્ચ છતાં સહજ જ્ઞાનની વાતો એ કરતી!આજે ગુરુવાર પ્રાર્થનાનો દિવસ ! અને મમ્મી ગીત, ભજન, પ્રાર્થનાં બહુ ગાતી, એટલે આજે એને બહુ ગમતી એક પ્રાર્થનાં! પ્રાર્થનાં એ એક એવો ઘંટ છે કે જેનાથી ઈશ્વર પણ એ તરફ જોવા વિવશ થાય છે, અને ભક્ત પણ ઈશ્વર તરફ જુવે છે. કોઈપણ જગ્યાએ ક્યાંક પ્રાર્થના ગવાતી હોય ત્યારે આપણું મન તે તરફ ખેંચાય જ છે, અને અનાયસ એ ઉદગાર આપણા મોઢામાંથી નીકળી જાય છે. એ બતાવે છે કે પ્રાર્થના એ સૌનાં હૃદયને પવિત્ર કરનારુ ઝરણું છે. આમ તો બીજે ક્યાંય ઈશ્વરને શોધવાંની જરૂર જ ક્યાં છે! સૃષ્ટિ તરફ જરાક નજર કરીએ તો સમગ્ર સૃષ્ટિ એ એક મંદિરમાં વસતા દેવથી પણ વિશેષ લાગે છે. અથવા તો મૌન મૂર્તિ કરતાં આ જીવંત મૂર્તિઓનું મંદિર વધુ રૂપાળું લાગે છે, એમ કહી શકાય. મારી તમારી કે પછી સંસારમાં દરેક વ્યક્તિઓની વ્યથા એકમાત્ર પ્રાર્થનાથી જ દૂર થઈ શકે એમ છે, અને આપણને કોઈ પણ પ્રકારનાં અભાવો હોવાનું કારણ પણ આપણે પોતે જ છીએ, નહીં તો આ સૃષ્ટિમાં શું નથી!! દિવસ રાત સતત થાક્યા વગર ઊડાઊડ કરતો પવન, દિવસ-રાત જોયા વગર વહેતું પાણી, સૂર્ય ચંદ્ર નિયત સમયે રોજ થાક્યા વગર પ્રકાશે છે, અને આ પુષ્પવાટિકામાં ફુલ ઉગે છે,રસાળ ફળ પ્રાપ્ત થાય છે, વિશાળ સાગર જેવું આકાશ, ન જાણે કેટલાય ગ્રહોને સમાવીને સ્થિર શાંત રહી, આપણી પર છત્ર બનીને કાયમ રહે છે.આ ધરા આપણા જેવા નિષ્ઠુરનો ભાર વર્ષો વર્ષથી સહન કરતી હોવા છતાં પણ ઉહકારો પણ કરતી નથી. શું આ બધું ઈશ્વર નથી? આ બધું જ અંતે તો આપણું પોષણ કરનારા મૂળભૂત પંચમહાભૂત ઈશ્વર તત્વ છે, અને આ સૃષ્ટિ જ એક મહિમાવંત મંદિર છે. મહાપુરુષો એ ક્યારેક આ મંદિરની વ્યાખ્યા પણ કરી છે. કવિઓએ પણ જગત, સૃષ્ટિ, પૃથ્વી, પ્રકૃતિ, પર ખૂબ રચનાઓ લખી છે, અને દરેકે દરેક જણ આ પ્રત્યેક દેવ એટલે કે પંચ પ્રાણતત્વને જ ઈશ્વર સમજવા એવો નિર્દેશ કરે છે. આવી જ એક પ્રાર્થના આપણે સૌએ નિશાળમાં ભણતા ત્યારે કરી હતી, પ્રાર્થનાનો સાચો અર્થ એ સમયે મમ્મીએ શીખવ્યો હતો,કે પરીક્ષામાં પાસ થવા પ્રાર્થનાનો સહારો લેવાનો નથી, ત્યાં પુરુષાર્થની જરૂર પડે,ને બુદ્ધિ ચાતુર્ય એ ગુણ નથી, ગુણ તો સૌની સાથેના પ્રેમાળ વ્યવહારથી આવે, કોઈની મદદ કરવાથી આવે,થોડુંક જતું કરવાથી આવે,માફ કરી દેવાથી આવે, વગેરે વગેરે. તો આપણે આજે આવી જ સૃષ્ટિ સહજ સર્જનહારના મંગલ મંદિરની વાત કરીશું.

મંદિર તારું વિશ્વ રૂપાળું
મંદિર તારું વિશ્વ રૂપાળું સુંદર સર્જનહારા રે
પળ પળ તારા દર્શન થાયે દેખે દેખનહારા રે----મંદિર
નહીં પુજારી નહીં કોઈ દેવા નહીં મંદિર ને તાળા રે
નીલ ગગન માં મહિમા ગાતા ચાંદો સૂરજ તારા રે----મંદિર
વર્ણન કરતાં શોભા તારી થાક્યા કવિગણ ધીરા રે
મંદિર માં તું ક્યાં છુપાયો શોધે બાળ અધીરા રે----મંદિર

કવિ શ્રી જયંતીલાલ આચાર્યનો જન્મ મહેસાણામાં થયો હતો અને તેમનું વતન અમદાવાદ છે, નવજીવન સેવા ટ્રસ્ટના તે સંસ્થાપક હતા, અને અમદાવાદની સુપ્રસિદ્ધ ગુજરાતી વિદ્યાલય,તથા શ્રેયાંશ શાળાના ગુજરાતીના તે શિક્ષક હતાં. આટલા મોટા ગજાના સાહિત્યકાર હોવા છતાં પણ, તેમને નામે એક પણ પુસ્તક નથી. તેમણે ઘણાં બધાં પુસ્તકો પર ટીપ્પણી લખી છે, અને વિવેચન કર્યું છે. તેમણે અનુવાદ પણ ઘણાં બધાં પુસ્તકોનું કર્યું છે, આ રચના સિવાય પણ તેમની એક સુપ્રસિદ્ધ રચના અંતરનાં અંતરમાં બિરાજતા એ દેવ, જે લગભગ બધાંએ સાંભળી જ હશે.

ચરિત્ર નિર્માણની રચનામાં ગુજરાતના સંત કવિઓ અને બાઉલ પંથને નામે બે ધારા ધરાવતા પુસ્તકોની રચના કરી, જેમાં એકમાં સ્વયં ઉચ્ચ કોટિના કવિની રચનાને બીજામાં નિરક્ષર લોકકવિની રચના. રવીન્દ્રનાથનાં કાવ્યો અને મૌલિક, માનવધર્મ, બ્રહ્મચર્ય, સાહિત્ય, મધ્યકાલીન ભારતીય સંસ્કૃતિ, ગીતાની ભૂમિકા અને આપણો ધર્મ, મધ્યયુગની સાધના ધારા. ઉપરાંત એક બે ગ્રંથનું સંપાદન પણ કર્યું, રવિન્દ્રનાથ ટાગોરના જીવનથી તે બહુ જ પ્રભાવિત હતા, અને તે અમુક બાબતોમાં તેમને અનુસરતાં પણ હતાં.જીવનના ઉતરાર્ધમાં તેઓ અરવિંદ ઘોષની ફિલોસોફી તરફ વળ્યાં હતાં. આપણું ગુજરાતી સાહિત્ય આવાં ઉચ્ચ ગજાનાં કવિ કે લેખકથી હર્યુંભર્યું છે! અને આપણને તેની માટે સદાય ગર્વ રહેશે.

પ્રાચીન કે અર્વાચીન પ્રાર્થના ભજન કે ગીત ના શબ્દો જોઈએ તો આપણેને એમ થાય, કે સમય બદલાય છે, એની સાથે સાથે ઘણું બધું બદલાય છે. ઈશ્વરને પ્રસન્ન કરવા માટેના દરેક યુગમાં અલગ અલગ સાધન બતાવાયા છે. જેમ કે પહેલા વેદ ઉપનિષદની શ્રુતિ કે ઋચા અથવા તો મોટા મોટા સ્તોત્ર અને પછી આદિદેવ શંકરાચાર્ય દ્વારા સ્તુતિ સ્તવન રચાયા! પણ એ બધું અંતે તો ભારેખમ સંસ્કૃતમા. આપણી પ્રાર્થના ઓ જોઈએ તે બધી જ બતાવે છે, કે સાવ સીધા સાદા શબ્દો, જેટલી અસર કરે છે, તેટલા ભારેખમ શબ્દોની અસર થતી નથી. આ પૂર્ણ વિશ્વ જ એક મંદિર છે, અને તેનું સર્જન કરનાર જ પરમ કૃપાળુ પરમાત્મા કેટલો સુંદર હશે!! દરેક ક્ષણે તેના દર્શન થાય છે. પણ તેને જોવાની દ્રષ્ટિ જોઈએ,જેની પાસે એવી દ્રષ્ટિ હોય તે જ જોઈ શકે. પ્રત્યક્ષ રીતે અહીં કોઈ જ દેવ નથી કે કોઈ જ પૂજારી નથી, કે આ મંદિરને ક્યાંય તાળું પણ નથી,અને આમ જુઓ તો બધાં જ દેવ તુલ્ય છે, અને જે આ મહિમાને સમજે છે, તે એ દેવત્વ અને પ્રણામ કરીને પૂજારી પણ બની શકે છે. નીલા આકાશમાં ચાંદો અને સૂરજ આ દેવના મહિમા ગાતા પ્રત્યક્ષ પ્રમાણ છે. આ સમગ્ર સૃષ્ટિનું વર્ણન કરતાં ધૈર્યવાન કવિઓ થાક્યાં, પણ તારી આ રહસ્યમયી સૃષ્ટિનો તે તાગ પામી શક્યા નથી.જે દેવી-દેવતાની મૂર્તિ ઓ અમે મંદિરમાં રાખીએ છીએ, એ સ્વરૂપને આખા જગતમાં શોધવા માટે સૌ ભમે છે, અને સૌને પ્રશ્નાર્થ છે, કે મંદિરમાં તું ક્યાં છુપાયો!! શોધે બાળ અધીરા રે, અમે તો તારા બાળકો છીએ, તો અમારી દ્રષ્ટિમાં કદાચ મંદિરનું અને દેવનું આ રુપ અમને દેખાય નહીં, તો અમે અધીરા થઇ જઈએ છીએ. તો આપણે સૌ પણ ઈશ્વરનાં આવાં સ્વરૂપને વંદન કરી, અને રૂપાળા વૈશ્વિક મંદિરની મનમાં સ્થાપના કરી, તેમને વંદન કરી આ જગતને કવિએ જેવું આલેખ્યું છે, તેવું નિર્મળ અને સ્વચ્છ બનાવીએ, તેવી એક અનન્ય પ્રાર્થના સાથે, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસનાં સ્નેહવંદન અને જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### સોશિયલ મિડીયા માધ્યમથી ફસાવવાના વધી રહેલા કિસ્સા વચ્ચે વધુ એક ઘટના


# ઈન્સ્ટાગ્રામથી ફ્રેન્ડ બનાવી પરિણીતા સાથે ઠગાઈ

## મિત્રતા કેળવી મળવા બોલાવી કટકે કટકે રોકડ-દાગીના લઇ ગયોઃ પાછા મંગાતા કહ્યું-જો ઉઘરાણી કરીશ તો હું મરી જઇશ! બીજી ઠગાઇની ઘટનામાં ટ્રાન્સપોર્ટ કંપનીની બોગસ કન્સાઇમેન્ટ નોટ બનાવી ઓગણએંસી લાખ પડાવી લેવાયા!

રાજકોટ, તા. ૧૭

ઇન્ટરનેટની સેવા આજે આંગળીના ટેરવે ઉપલબ્ધ છે અને સસ્તી પણ છે. આથી લગભગ દરેક ઘરમાં કોઇને કોઇ વ્યક્તિ ઇન્ટરનેટ, સોશિયલ મિડીયાનો ઉપયોગ કરતો થઇ ગયો છે. આ માધ્યમથી સારા કામો પણ થાય છે અને ઘણાનું ભલુ પણ થઇ જાય છે. કોઇ રાતોરાત આ માધ્યમને કારણે સ્ટાર બની જાય છે, તો કોઇ સ્ટાર પળવારમાં જમીન પર આવી જાય છે. આ માધ્યમનો ઉપયોગ કરી ફ્રોડ આચરનારા પણ ઓછા નથી. આવી જ વધુ એક ઘટના સામે આવી છે જેમાં ઇન્સ્ટાગ્રામ થકી એક લેભાગુએ પરિણીત યુવતિને ફસાવી મિત્ર બનાવી પછી તેની પાસે વલસાડ લીલાપોરની એક ૨૫ વર્ષીય પરિણીતાને ૨૦૨૪ સબંધી મારફતે તેના મિત્ર એવા કકવાડીના હાર્દિક ટંડેલ સાથે પરિચય થયો હતો. આ યુવકે ૨૦મે ૨૦૨૪ના રોજ પરિણીત યુવતીના ઇન્સ્ટાગ્રામ આઇડી ઉપર ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી હતી, જેને સ્વીકારતા મિત્રતા થઇ હતી અને એકબીજા સાથે બાદમાં વાચચીત કરતા અને ક્યારેક મળતા પણ હતા. આ મિત્રએ પરિણીતાને શીપમાં જવું છે તેવું કહી પૈસા માગ્યા હતા. તો યુવતીએ તેના પતિ પૈસા નથી આપતા તેમ કહેતા તેણે તારી પાસે કોઇ દાગીના હોય તો તું મને આપ, હું તે ગીરવી મૂકીને પૈસા લઇ લઇશ અને હું શીપમાંથી પરત આવીશ એટલે તેને તારા પૈસા પરત આપી દઇશ તેવો ભરોસો અપાવ્યો હતો.

તેમ કહેતા પ્રથમ તબક્કે પરિણીતાએ તેના કન્યાદાનમાં મળેલા દાગીના, પતિએ સગાઇમાં આપેલા દાગીના અને લગ્નમાં ગીફટમાં આપેલા દાગીના તેને આપ્યા હતા. ત્યારબાદ વારંવાર હાર્દિક ટંડેલે શીપમાં જવું છે પૈસા હજી ખુટે છે કહી અનેકવાર તેણીની પાસેથી પૈસાની માગણી કરી સોનાના દાગીના માગી કુલ ૧૭૨.૩૫ ગ્રામ વજનના કુલ રૂ. ૬.૯૫ લાખના દાગીના પડાવી લીધા હતા.જ્યારે યુવતીએ વારંવાર તેના દાગીના પરત કરવા માગણી કરતા આરોપી યુવકનો અસલી ચહેરો સામે આવ્યો હતો. પરિણીત યુવતી જ્યારે પોતાના દાગીના પરત કરવા




માગણી કરતી તો તો હાર્દિક મરી જવાની ધમકી આપતો હતો. આમ ૬.૯૫ લાખના દાગીના પરત નહિ કરતા હાર્દિક ટંડેલ વિરૂધ્ધ રૂરલ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આમ વધુ એક ઇન્સ્ટાગ્રામીઓ ફ્રેન્ડ પરિણીતાને ફસાવી ગયો હતો. આ વખતે શારીરિક નહિ પણ આર્થિક શોષણ કરી ગયો હતો.

બીજી ઠગાઇમાં વડોદરાની ટ્રાન્સપોર્ટ કંપનીની બોગસ કન્સાઇન્મેન્ટ નોટ બનાવી રીનોવેશનના નામે ઓગણએંસી લાખની ઠગાઇ થઇ હતી. જેતલપુર રોડની જે.એચ.પરબિયા ટ્રાન્સપોર્ટ કંપનીમાં એજન્ટ સહિત મુંબઈના બે શખ્સોએ મળી બોગસ કન્સાઈમેન્ટ નોટ બનાવી તેમજ ઓફિસના રિનોવેશનના નામે રૂ.૭૯.૪૫ લાખ મેળવી લઈને ઠગાઈ કરી હતી. ત્યારે આ મામલે અકોટા પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરી હતી. જેતલપુર રોડ ગીતાંજલી સોસાયટીમાં રહેતા ઝર્કસીસ જહાંગીર પરબીયા જેતલપુર રોડ ખાતે જે.એચ.પરબિયા ટ્રાન્સપોર્ટ નામે કંપનો ચલાવે છે. કંપની ઓવર ડાયમેન્સનલ ટ્રાન્સપોર્ટેશનનું કામ કરે છે. કંપનીમાં સો ટ્રક ટ્રેલર છે અને દોઢસો કર્મી કામ કરે છે. કોઈ કંપની ઓર્ડર આપે તે મુજબ ટ્રક મોકલાઈ છે અને સામાન મગાવનાર રિસિવ કરી તેની પહોચ આપે છે. ટ્રક ડ્રાઈવર પહોચ હિતેશ બાબુભાઈ કટારીયાને જમા કરાવે છે.

બીજી તરફ હિતેશ તરફથી બિલ બને છે અને ત્યારબાદ ઝર્કસીસની કંપનીમાં રૂપિયા જમા થાય છે. હિતેશ એસ.એન.આર લોજીસ્ટીક તથા નવદુર્ગા ટ્રાન્સપોર્ટ નામે કંપની ધરાવે છે. ત્યારે હિતેશ તરફથી ટ્રક ટ્રેલરની સેવાઓ જે.એચ.પરબિયા કંપનીને અપાતી હતી. ત્યારપછી હિતેષ અન્ય શખસો ભાવેશ વિઠ્ઠલદાસ ભાનુશાળી તથા દેવેશ ગીરીશ જોષીને લઈ કંપનીએ આવ્યો હતો અને તેમને નોકરીએ રાખવા કહ્યું હતું. દેવેશને છત્તીશગઢની ઓફિસે, જ્યારે ભાવેશને મુંબઈથી કામ કરવા રખાયો હતો. રિસિપ્ટથી લઈ લોડિંગ કરવા સહિત હિતેશને મદદ કરવાનું કામ અપાયું હતું. તેને મહિને રૂ.૧૫ હજાર પગારે રખાયો હતો. બંને કંપનીમાં એજન્ટ તરીકે કામગીરી કરતા હતા. હિતેશ અને ભાવેશે સાથે મળી રોજના વ્યવહારોની કન્સાઇમેન્ટ માહિતી દર્શાવતી નોટ બોગસ અને બનાવટી તૈયાર કરી હતી. ત્યારે તે ખોટી હોવાનું જાણવા છતાં જે.એચ.પરબિયા ટ્રાન્સપોર્ટ કંપનીને ઈ-મેઈલથી મોકલી હતી અને તેના આધારે કંપની પાસેથી જુદા-જુદા બેંકિંગ ટ્રાન્ઝેક્શનથી આદેશ રોડ કેરિયર્સ, મહાવીર લોજીસ્ટીક તથા ટ્રાન્સપોર્ટ પેઢી એચ.કે. લોજીસ્ટીક સહિતના ખાતામાં રૂ.૫૪.૪૫ લાખ મેળવી લીધા હતા. આ રીતે કુલ રૂ.૭૯.૪૫ લાખ મેળવી લઈ ઠગાઈ કરી હતી.

# વેલકમ નવરાત્રી 'પનઘટ-૨૦૨૫'

### ફયુઝન ડ્રેસ કોમ્પીટીસનમાં વિજેતા થનાર ૩ લોકોને આકર્ષક ઇનામ



રાજકોટ, તા. ૧૭

રાજકોટમાં વિશ્વભરી નવરાત્રી ગ્રાઉન્ડ, વેલ્વેટ પાર્ટી પ્લોટ, અયોધ્યા ચોક ખાતે વેલકમ નવરાત્રીઃ 'પનઘટ-૨૦૨૫' વન ડે ગરબાનું તા.૨૧ રવીવારના રોજ આયોજન કરવામાં આવેલ છે. જેમા લોકો પારીવારીક વાતાવરણ સાથે મન મુકીને ગરબે ઘુમી શકે એ માટે ખ્યાતનામ કલાકારો અને ઓરકેસ્ટ્રા ટીમ લાઇવ પરફોમન્સ આપશે.તેમજ રાજકોટના નામાંકિત D J. DHIR પણ D.J.ના તાલ પર ખેલૈયાઓને ગરબે ઘુમાવશે. આ ઉપરાંત આ ઈવેન્ટમાં રાજકોટમાં સૌપ્રથમ વાર માત્ર ખેલૈયાઓ જ નહી પણ ફયુઝન ડ્રેસ (વેસ્ટન + ટ્રેડીશ્નલ) કોમ્પીટીસન માં વિજેતા થનાર ૩ લોકોને આકર્ષક ઈનામ આપવામાં આવશે.

તેમજ સોશ્યલ મીડિયા સેલેબ્રીટીની હાજરી હશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મુખ્ય આયોજક એવા અજિત પરમાર, દર્શના વોરા, અશ્વિન ચૌહાણ,અતુલ વાઘેલા તેમજ આયોજક સમિતિના સદસ્યો વિમલ ગોસ્વામી,નિલેષ આડેસરા,વિશાલ માંડવીયા, અરવિંદ પરમાર, રાજવીર ચૌહાણ, હર્ષ મકવાણા,કુનાણ ડોલેરા, મયૂર ચાવડા, કપીલ સોલંકી,રામકૃષ્ણ પ્રજાપતી, યશ મોરી, કીંતન ઠકકર, ઉદય વોરા, બ્રિજેશ મકવાણા, શૈલેષ સાગઠીયા, ઉતમ વાઘેલા જોડાયેલ છે. તેમજ ખેલૈયાઓ માટે આકર્ષિત સેલ્ફીઝોન રહેશે. આયોજન અંગે વધુ માહિતી મેળવવા ૯૯૧૩૮૮૭૧૧૨ પર સંપર્ક સાધી શકાશે.

### કુવાડવાનો યુવાન દિકરીને હમણા આવું કહીને નીકળ્યોઃ પરિવારજનો શોધવા નીકળતાં લોહીલુહાણ લાશ મળી

# મરઘી લેવા નીકળેલા યુવાનને કાળ ભેટ્યો

## કુવાડવા પોલીસે જીવલેણ અકસ્માત સર્જી ભાગી ગયેલા વાહનચાલકને શોધવા તપાસ શરૂ કરી

રાજકોટ, તા. ૧૭

જીવલેણ વાહન અકસ્માતના સતત બની રહેલા બનાવો વચ્ચે વધુ એક યુવાનનો જીવ ગયો છે. કુવાડવામાં રહેતાં મુળ રાજસ્થાનના યુવાનનું કુવડવા નજીક હિટ એન્ડ રનની ઘટનામાં કમકમાટી ભર્યુ મોત થયું છે. પેટ્રોલપંપમાં કામ કરતો આ યુવાન રાતે મરઘી લેવા જવાનું કહીને નીકળ્યા બાદ તેના મોતના વાવડ પરિવારજનોને મળતાં કલ્પાંત સર્જાયો હતો.



વિગતો પર નજર કરીએ તો કુવાડવામાં રહેતો યુવાન રાતે મરઘી લેવા નીકળ્યા બાદ ઘરે ન આવતાં તેમની દિકરીએ આ અંગે મોટા બાપુને ફોન કરી જાણ કરી હતી. બધા તેને શોધવા નીકળ્યા ત્યારે તેની લાશ મળી હતી. હિટ એન્ડ રનના આ બનાવમાં કુવાડવા રોડ પોલીસે કુવાડવા ગામ આંબલીવાળી શેરીમાં પંચશક્તિ ગરબી મંડળ ચોકમાં રહેતાં જગદીશસિંહ હીરાસિંહ રાવત નામના ઓગણચાલીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી અજાણ્યા વાહનચાલક વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. જગદીશસિંહ પ્રાઇવેટ નોકરી કરે છે. તેણે જણાવ્યું છે કે મારુ મુળ વતન રાજસ્થાનનું પાલી તાબેનું ધારેશ્વર પારદી ગામ છે. હું હાલ કુવાડવા રહુ છું અને બલદેવ પેટ્રોલીયમ નામના પંપમાં નાઇટ શીફ્ટમાં નોકરી કરુ છું.

મારા પિતા હીરાસિંહ અને માતા ખીમીદેવી અમારા વતનમાં રહે છે. મારો એક નાનો ભાઇ નરેન્દ્રસિંહ કુવાડવા ગામમાં જ રહે છે અને તે પણ બલદેવ પંપમાં દિવસની શિફ્ટમાં નોકરી કરે છે. અમે આઠ ભાઇ-બહેનો છીએ. મંગળવારે ૧૬મીએ રાતે પોણા અગીયાર આસપાસ હું પેટ્રોલ પંપમાં નોકરી પર હતો ત્યારે ભત્રીજી યાશનાનો ફોન આવ્યોહ તો કે મારા પિતા એકાદ કલાક પહેલા મરઘી લેવા ગયા છે પણ હજુ પાછા આવ્યા નથી. આ પછી અમે બધા મારા ભાઇ નરેન્દ્રસિંહને શોધવા નીકળ્યા હતાં.

આ દરમિયાન અમારા મકાન માલિક નિરજપરીએ રાતે સવા અગીયારેક વાગ્યે ફોન કર્યો હતો કે રાજકોટ-અમદાવાદ નેશનલ હાઇવે પર ભીમેશ્વર મહાદેવ મંદિર નજીક તમારા ભાઇ નરેન્દ્રસિંહ હિરાસિંહ રાવત રસ્તો ઓળંગતા હતાં ત્યારે કોઇ વાહનનો ચાલક ઠોકરે લઇ ભાગી ગયો હતો. તમારા ભાઇનું અહિ ઘટના સ્થળે જ મૃત્યુ થયું છે. આથી હું તત્કાળ ત્યાં પહોંચ્યો હતો. તેમ વધુમાં જગદિશસિંહે કહેતાં એએસઆઇ એમ. એમ. આજગયાએ અજાણ્યા વાહનચાલક વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. મૃતદેહનું પોસ્ટમોર્ટમ કુવાડવા આરોગ્ય કેન્દ્ર ખાતે કરાયું હતું. પોલીસે જીવલેણ અકસ્માત સર્જી ભાગી ગયેલા વાહનની શોધખોળ શરૂ કરી છે.

# મોબાઈલ પર જુગટું ખેલતો યુવાન જબ્બે

## ડીસીબીની ટીમે રૈયા રોડથી પકડ્યોઃ માસ્ટર આઇડીમાં સુરતીનું નામ ખુલ્યું

રાજકોટ, તા. ૧૭

જુદા જુદા પ્રકારના જૂગાર રમનારા અવાર-નવાર પોલીસના હાથે પકડાઇ જતાં હોય છે. દરમિયાન શહેર ક્રાઇમ બ્રાંચની ટીમે રૈયા રોડ આલાપ ગ્રીન સીટી બી-૫૯માં રહેતાં પરેશ ચકુભાઇ ફેફરને ડીસીબીની ટીમે મોબાઇલ ફોનમાં ક્રિકેટ મેચ પર સટ્ટો, કસીનો તેમજ અન્ય ગેમ્સમાં પૈસાની હારજીત કરી જૂગાર રમાડતો હોઇ પકડી લઇ મોબાઇલ ફોન કબ્જે કરી વધુ તપાસ શરૂ કરી હતી.



પોલીસ દારૂ જૂગારના કેસ શોધવા તપાસ કરી રહી હતી ત્યારે ત્યારે હેડકોન્સ. દિપકભાઇ ડાંગર, ઉમેશભાઇ ચાવડા અને કનકસિંહ સોલંકીને મળેલી બાતમી પરથી રૈયા રોડ મદ્રાસ કાફે નજીક રાજવીર વોટર સપ્લાય પાસેથી પરેશ ફેફર નામના પ્રૌઢને પકડી લઇ તેના ફોનમાં ચેક કરતાં તે ક્રિકેટ મેચ, કસીનો અને અન્ય ગેમ્સ પર સટ્ટો જૂગાર રમી હારજીત કરતો હોવાનું જણાતાં ગુનો નોંધી ધરપકડ કરાઇ હતી. તેના મોબાઇલમાં એક માસ્ટર આઇડી પણ મળી આવી હતી. જેમાં તે પોઇન્ટ બેલેન્સવાળી યુઝર આઇડી બનાવી પૈસા મેળવી અન્ય ગ્રાહકોને મોકલતો હોવાનું જણાયું હતું. પુછતાછમાં સુરતના જીમ્મીનું આઇડી આપનાર તરીકે નામ ખુલતાં તેની તપાસ શરૂ કરવામાં આવી છે.

### હૃદય ધબકારા ચુકી જવાથી વધુ બે જિંદગી ખતમઃ છ અપમૃત્યુને કારણે છવાયો માતમ

# નિંદ્રાધિન વૃદ્ધાના શરીર પર સાપ આવી જતાં હાર્ટએટેક

## ખીરસરાની ઘટનાએ જગાવી ચર્ચાઃ પરસાણાનગરના યુવાનને પણ દિલ દગો દઇ ગયુંઃ એક યુવાને અકળ કારણે ફાંસો ખાઇ જીવ દીધોઃ બેભાન હાલતમાં અને ઝેર પીવાથી બે યુવાનના મોત

રાજકોટ, તા. ૧૭

અલગ અલગ કારણોસર હૃદય ધબકારા ચુકી જાય અને માણસનું મૃત્યુ થાય તેવી ઘટનાઓ રોજબરોજ બની રહી છે. દરમિયાન એક કિસ્સામાં એક વૃધ્ધા સુતા હતાં ત્યારે તેમના શરીર પર સાપ આવી જતાં ગભરાઇ જતાં તેમનું હૃદય બંધ પડી જવાથી મૃત્યુ થયું હતું. બીજી ઘટનામાં સાડત્રીસ વર્ષના યુવાનનું પણ હાર્ટએટેક આવી જવાને કારણે મૃત્યુ થયું હતું. ત્રીજી અપમૃત્યુની ઘટનામાં પત્નિ રિસામણેથી પરત ન આવતાં યુવાન ઝેર પી લાંબા ગામતરે ચાલી નીકળ્યો હતો. ચોથી ઘટનામાં બેભાન હાલતમાં યુવાનનું અને પાંચમા બનાવમાં ઝેરી દવા પી જતાં અન્ય એક યુવાનનું મોત થયું હતું. આ ઉપરાંત એક યુવાને ગળાફાંસો ખાઇ દુનિયા છોડી દીધી હતી. આમ છ અપમૃત્યુના બનાવો જે તે મૃતકના સ્વજનોને કારમો આઘાત આપી ગયા હતાં.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો મેટોડાના ખિરસરા ગામે રહેતાં વૃધ્ધા સાંજે ઘરમાં સુતા હતાં ત્યારે શરીર પરથી સાપ પસાર થતાં તેઓ ગભરાઇ જતાં હૃદય બેસી જવાથી મૃત્યુ થતાં પરિવારમાં માતમ છવાઇ ગયો હતો. વધુ માહિતી અનુસાર ખીરસરા રહેતાં સાંઇઠ વર્ષના અમીનાબેન ઉમરભાઇ પીરજાદા નામના વૃધ્ધા સાંજે ચારેક વાગ્યે ઘરમાં ઉંઘી રહ્યા હતાં ત્યારે સાપ તેમના શરીર પર આવી જતાં તેઓ ઝબકીને જાગી ગયા હતાં અને સાપ જોઇ હેબતાઇ ગયા હતાં.

તેમની બૂમાબૂમ કરતાં પરિવારજનો એકઠા થઇ ગયા હતાં. અમીનાબેન બેભાન જેવા થઇ ગયા હોઇ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તેમનું મોડી રાતે મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, ધર્મેન્દ્રભાઇ, પ્રકાશભાઇએ જાણ કરતાં મેટોડા પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર અમીનાબેનને સંતાનમાં બે પુત્ર છે. જે છુટક મજૂરી કરે છે. દિકરા સલીમભાઇએ કહ્યુ હતું કે માતાના શરીર પરથી સાપ પસાર થતો હતો ત્યારે જ તેઓ જાગી ગયા હતાં અને ગભરાઇ જતાં હૃદય રોગનો હુમલો આવી ગયો હતો. આ બનાવે ગામમાં શોક સાથે ચર્ચા જગાવી દીધી હતી.

બીજી ઘટના જોઇએ તો જામનગર રોડ પર પરસાણાનગર-૩માં રહેતાં મનિષભાઇ ભીમજીભાઇ વાઘેલા નામનો સાડત્રીસ વર્ષનો યુવાન ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ તેની જિંદગી ખતમ થઇ ગઇ હતી. તેનું હૃદય બંધ પડી જતાં મૃત્યુ થયાનું





**એક યુવાન પત્નિ માવતરેથી પાછી ન આવતાં ઝેર પી 'લાંબાગામતરરે' ચાલી નીકળ્યો**

તારણ નીકળ્યું હતું. આ યુવાન બે ભાઇ અને એક બહેનમાં મોટા હતાં અને સંતાનમાં એક દિકરો છે. તે છુટક પ્રાઇવેટ નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવતાં હતાં. પ્રદ્યુમનનગર પોલીસને સિવિલ હોસ્પિટલ ચોકી મારફત જાણ થતાં આકસ્મીક મૃત્યુની નોંધ કરી હતી.

અપમૃત્યુની ત્રીજી ઘટના જોઇએ તો આ બનાવમાં રિસામણે ગયેલી પત્નિ પાછી ન આવતાં યુવાન લાંબા ગામતરે ચાલી નીકળ્યો હતો. મોરબીના યુવાનની પત્નિ એકાદ મહિનાથી રીસામણે હોઇ તેણી પરત ન આવતાં આ યુવાને મુળીના દાધોરીયા નજીક ઝેર પી લીધુ હતું. તેનું આ પગલુ જીવલેણ નીવડ્યું હતું. મોરબી રહેતાં ચેતનભાઇ દેવજીભાઇ મકવાણા નામના ચોત્રીસ વર્ષના યુવાને મુળીના દાધોરીયા ગામ પાસે ઝેરી દવા પી લેતાં સારવાર માટે મુળી અને ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ આજે સવારે દમ તોડી દીધો હતો.

આપઘાત કરનાર ચેતનભાઇ ચાર ભાઇ અને એકે બહેનમાં મોટો હતો અને કડીયા કામની મજૂરી કરતો હતો. તેના પત્નિનું નામ લક્ષ્મીબેન છે અને સંતાનમાં એક દિકરો છે. પત્નિ એકાદ મહિનાથી મુળીના રાયસંગ ગામે રિસામણે હોઇ ગત દસમીએ તે તેણીને તેડવા ગયો હતો. પણ પત્નિ સાથે ન આવતાં તે મુળી નજીક દાધોરીયાના પાટીયે દવા પી ગયો હતો. સારવાર દરમિયાન મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં મુળી પોલીસે કાર્યવાહી કરી હતી.

ચોથા બનાવમાં હળવદના રાયસીંગપુર ગામે નાગર પોપટની વાડીએ રહેતો શબ્બીર દુરસીંગ નાયક નામના સાડત્રીસ વર્ષના યુવાને નજીકના ઘનશ્યામપુરમાં વાડીએ ઝેર પી જતાં મોરબી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મૃત્યુ થતાં મજૂર પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

પાંચમા બનાવમાં નવાગામ સમજુ પાર્ક-૩માં રહેતાં તેતાલીસ વર્ષના નિરંજનભાઇ અમૃતલાલ ડાગરૂશીયા રાતે બેભાન થઇ જતાં હોસ્પિટલમાં ખસોડયા હતાં. પરંતુ જીવ બચ્યો નહોતો. તેઓ એક બહેન અને બે ભાઇમાં નાના હતાં અને ડ્રાઇવીંગ કરતાં હતાં. કેન્સરની બિમારી હોવાનું જણાવાયું હતું. બી-ડીવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી.

જ્યારે છઠ્ઠા બનાવમાં અક યુવાને ગળાફાંસો ખાઇ મોત મેળવી લીધુ હતું. ગોંડલ રોડ આંબેડકરનગરમાં રહેતાં જીતેન્દ્રભાઇ પ્રેમજીભાઇ સોલંકી નામના બેતાલીસ વર્ષના યુવાને ઘરે પંખામાં કપડુ બાંધી દેહ લટકાવી દેતાં મોત થઇ ગયું હતું. માલવીયાનગર પોલીસે કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર છુટક મજૂરી કરતાં હતા. સંતાનમાં એક દિકરો છે. કારણ બહાર ન આવતાં પોલીસે તપાસ યથાવત રાખી હતી. આમ છ બનાવમાં પરિવારજનોએ સ્વજનો ગુમાવી દીધા હતાં.

### પારકે પૈસે અને ગુનાખોરીના રવાડે ચડી જેને મોજ કરવી છે તે ગમે તે કરી શકેઃ વધુ બે ઉઠાવગીર ઝડપાયા

# હેન્ડલ લોક ન હોય તેવા ૧૦ બાઈક ચોરનાર બે ભેરૂબંધ ઝડપાયા

### રાજકોટ ક્રાઈમ બ્રાંચે પોરબંદર-દ્વારકા પંથકના બે રીઢા શખ્સોને દબોચી અઢી લાખના વાહનો કબ્જે કર્યાઃ જામનગર-રાજકોટના ગુનાઓ ઉકેલાયાઃ વેંચવાની પેરવી હતી પણ સફળ ન થયા

રાજકોટ, તા. ૧૭

શહેરમાં અવાર-નવાર લોકોના વાહનો ચોરાઇ જતાં હોય છે. ગઇકાલે આવા એક વાહનચોરને તાલુકા પોલીસે પકડ્યા બાદ વધુ બે ઉઠાવગીર ક્રાઇમ બ્રાંચની ઝપટમાં આવ્યા છે. પોરબંદર, દ્વારકા પંથકના આ બંને ઉઠાવગીર હેન્ડલ લોક વગરના વાહનો જ ચોરતા હતાં. જામનગર, રાજકોટમાંથી તેણે ચોરેલા આવા દસ વાહનો કબ્જે કરી ક્રાઇમ બ્રાંચે દસ વાહનચોરીનો ભેદ ખોલ્યો છે.

વિગતો પર નજર કરીએ તો શહેર ક્રાઇમ બ્રાંચે વાહનોની ચોરીઓનો ભેદ ઉકેલી પોરબંદરના દેગામના એક શખ્સ અને દેવભુમિ દ્વારકાના ખીરસરા ગામના એક શખ્સને રાજકોટમાંથી પકડી લીધા છે. એક ચોરાઉ વાહન સાથે આ બંને મિત્રોને પકડી લેવાયા બાદ પુછતાછ થતાં બંનેએ મોજશોખ પુરા કરવા જામનગર-રાજકોટમાંથી દસ બાઇક ચોરી લીધાનું કબુલ્યું હતું. નરસંગપરા વિસ્તારમાં અવાવરૂ જગ્યાએ આ વાહનો રેઢા મુકી દીધા હતાં. જેને વેંચવાની બંને પેરવી કરતા હતાં. પણ એ પહેલા પકડાઇ ગયા હતાં.વાહનચોરી, ઘરફોડ ચોરી તેમજ ચીલઝડપ સહિતના ગુનાઓ અનડીટેક્ટ હોય તો ઉકેલી કાઢવા સુચના મળી હતી.

આ અંતર્ગત ક્રાઇમ બ્રાંચની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે એએસઆઇ સમીરભાઇ શેખ, કોન્સ. ધર્મરાજસિંહ રાણા, જીલુભાઇ ગરચર અને મનિષભાઇ ચાવડાને બાતમી મળતાં બે શખ્સ જયમલ મુરૂભાઇ સુંડાવદરા (દેગામ તા. પોરબંદર) અને લખમણ અરભમભાઇ ખુંટી (ખીરસરા તા. કલ્યાણપુર જી. દેવભુમિ દ્વારકા)ને એક વાહન સાથે પકડી લીધા હતાં. આ બંને પાસેનું વાહન ચોરાઉ હોવાની પાક્કી માહિતી હોઇ વિશેષ પુછતાછ કરતાં બંનેએ આ સિવાય પણ બીજા ૯ વાહનો ચોરી કર્યાનું અને નરસંગપરા પાસે અવાવરૂ જગ્યાએ છુટા છુટા રેઢા મુકી દીધાનું કબુલ્યું હતું.



છવ્વીસ અને બાવીસ વર્ષના આ બંને વાહન ઉઠાવગીરની વિસ્તૃત પુછપરછ હાથ ધરાતાં વધુ ભેદ ખુલ્યા હતાં.

પોલીસે તપાસ કરતાં બીજા ન વાહનો જેમાં હોન્ડા પેશન, હોન્ડા પ્લસ, બજાજ પલ્સર, કાળુ હોન્ડા પ્લસ, બીજા છ સ્પ્લેન્ડર કબ્જે કર્યા હતાં. આ વાહનોની કિંમત રૂા. ૨,૫૭,૦૦૦ થાય છે. પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર જયમલ સુંડાવદરા છુટકડ્રાઇવીંગક રે છે. તે અગાઉ કલ્યાણપુર, પોરબંદર ઉદ્યોગનગર, મરીન, કમલાબગા, બગવદર સહિત છ પોલીસ સ્ટેશનોમાં ચોરી, દારૂના છ ગુનામાં પકડાયો હતો. જ્યારે લખમણ ખુંટી ખેત મજૂરી કરે છે. તે અગાઉ કલ્યાણપુર, બગવદર, રાણાવાવ,માં ચોરી, જાહેરનામા ભંગ સહિત છ ગુનામાં પકડાયો હતો.

બંનેને મોજશોખ કરવા માટે પૈસાની જરૂર હોઇ વાહનો ઉઠાવ્યા હતાં. સસ્તા ભાવે વેંચે એ પહેલા ક્રાઇમ બ્રાંચે પકડી લીધા હતાં. આ બંને એક વાહન પર નીકળતાં હતાં અને રેકી કરી જે બાઇક હેન્ડલ લોક વગરના હોય તે ઉઠાવી લેતાં હતાં. ઉપરાંત સાથે અલગ અલગ ચાર પાંચ ચાવી રાખતાં હતાં. તેનો ઉપયોગ પણ વાહન ચોરવામાં કરતાં હતાં. કબ્જે થયેલા દસ વાહનો અંગે જામનગરના પડાણા પોલીસ સ્ટેશનમાં ચાર, સી ડીવીઝનમાં ત્રણ અને રાજકોટ તાલુકા, બી-ડિવીઝન, ગાંધીગ્રામમાં એક એક મળી કુલ દસ ગુના દાખલ થયા હતાં. આ દસેય વાહનચોરી ડિટેક્ટ થઇ છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ભરત બી. બસીયાની સુચના અંતર્ગત પીઆઇ એમ. આર. ગોંડલીયા, પીઆઇ એમ. એલ. ડામોર, પીઆઇ સી. એચ. જાદવની રાહબરીમાં પીએસઆઇ એ. અસ. ગરચર, એએસઆઇ અનીલભાઇ સોનારા, સમીરભાઇ શેખ, કોન્સ. જીલુભાઇ ગરચર, હરપાલસિંહ જાડેજા, ધર્મરાજસિંહ રાણા, મનિષભાઇ ચાવડા, અશ્વનીભાઇ પંપાણીયાએ આ કામગીરી કરી હતી. બંનેનો કબ્જો રાજકોટના અલગ અલગ પોલીસ સ્ટેશનો મેળવી બાદમાં જામનગર પોલીસ મેળવશે.

### સમસ્યા હોય તોતેનું સમાધાન પણ હોય...ટૂંકો રસ્તો અપનાવતા પહેલા વિચારો

# ઉધાર ચુકવવાની ચિંતાને લીધે યુવાને શરીરે થીનર રેડી જાત જલાવી

### પશુપાલક જોઈ જતાં આગ બુઝાવીઃ મોરબી રોડ ૫ રહેતો યુવાન સારવાર હેઠળ

રાજકોટ, તા. ૧૭

આર્થિક ભીંસ અને બીજા પાસેથી લીધેલા પૈસા ચુકવવાની ચિંતામાં ઘણીવાર માણસ ખોટા પગલા ભરી લેતો હોય છે. આવી જ એક ઘટના બની છે જેમાં એક યુવાને પોતાના શરીરે થીનરછાંટી અગ્નિસ્નાન કરી લેતાંદાઝી ગયો હતો. શહેરના મોરબી રોડ પર સેટેલાઈટ ચોક નજીક રાજ રેસીડેન્સીમાં રહેતાં પ્રિન્સ કિરણભાઈ ભેંડેરી નામનાયુવાને ઘરેથી વાહન લઈ મોરબી રોડ નજીકના હડાળા ગામે જઈ મોમાઈ હોટલ પાછળ પોતાના શરીરે થીનર છાંટી અગ્નિસ્નાન કરી લેતાં ગંભીર રીતે દાઝી ગયો હતો.



વિગતો પર નજર કરીએ તો પ્રિન્સ બપોરે અઢી વાગ્યે ઘરેથી નીકળ્યો હતો અને સાથે રસ્તામાંથી થીનરની બોટલ લેતો ગયો હતો. તેણે શરીરે થીનર રેડી કાંડી ચાંપતા સળગવા માંડયો હતો. આ વખતેજ એક માલધારી ત્યાંથી નીકળતાં તેણે આગ બુઝાવવા પ્રયાસ કરી બીજા લોકોને બોલાવી રાજકોટ સારવાર માટે ખસેડયો હતો. પ્રિન્સ બે ભાઈમાં નાનો અને કુંવારો છે.

તે ઈમિટેશનના કારખાનામાં નોકરી કરે છે. તેના પિતા બેડી વાછકપર ગામે ખેતી કરે છે અને રાજકોટથી અપડાઉન કરે છે. પ્રિન્સે જણાવ્યું હતું કે પોતાને જરૂર હોઈ જેથી બે ત્રણ મિત્રો પાસેથી પૈસા લીધા હતાં. અઢી લાખ જેવું દેણું થઈ ગયું હોઈ પાછા આપવાની ચિંતા હોવાને કારણે આ પગલું ભર્યુ હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં કુવાડવા પોલીસને ઘટનાની જાણ કરતાં પોલીસે આ યુવાનનું નિવેદન નોંધવા તજવીજ કરી હતી. સારા અને ખરાબ દિવસો આવવા એ જીવનનો ભાગ છે, આજે દુઃખ હોય કદાચ તો બીજા દિવસે સુખ પણ આવતું હોય છે. તકલીફ હોય તો બીજાને તેની વાત કરી શકાય, હૈયાવરાળ ઠાલવીને હળવુ થઈ શકાય. સમસ્યાનો ઈલાજ માત્ર આત્મહત્યા કે આત્મહત્યાનો પ્રયાસ જ નથી હોતો.

# પોપટપરામાંથી સાંઈઠ બોટલ દારૂ ભરેલા કોથળા સાથે બે પકડાયા

### પ્રદ્યુમનનગર પોલીસની ટીમે બે શખ્સને દબોચી લીધા

રાજકોટ, તા. ૧૭

વિદેશી દારૂની હેરાફેરી કરતાં વધુ બે શખ્સો પોલીસની ઝપટમાં આવી ગયા હતાં. આ વખતે પ્રદ્યુમનનગર પોલીસને સફળતા મળી હતી. શહેરના પોપટપરા સ્મશાન સામેના રોડ પરથી બે શખ્સને પ્લાસ્ટીકના બાચકમાં વિદેશી દારૂની રૂા. ૬૬૦૦૦ની ૬૦ બોટલો સાથે પકડી લેવામાં આવ્યા હતાં. ડી. સ્ટાફની ટીમ દારૂ જૂગારના કેસ શોધવા પેટ્રોલીંગમાં હતી ત્યારે કોન્સ. તૌફિકભાઇ મંધરાને મળેલી બાતમી પરથી કામગીરી થઇ હતી.

પોપટપરામાં બે શખ્સને કોથળા સાથે પકડી અંદર જોતાં તેમાંથી દારૂની ૬૦ બોટલો મળી આવી હતી. પુછતાછ કરતાં આ બંનેએ પોતાના નામ અમિત ઉર્ફ લાલો કાળુભાઇ મકવાણા (રેલનગર-૨, રાધીકા ડેરી સામે) તથા શંકર મગનભાઇ સેમલીયા (પોપટપરા સ્મશાન પાસે મુળ ગામ સારસબાટ, જાંબુવા મધ્યપ્રદેશ) જણાવતાં બંનેની ધરપકડ કરી હતી. પોલીસ ઈન્સ્પેક્ટર વી.આર. વસાવા, પીએસઆઇ જે. એન. ગમારાની રાહબરીમાં હેડકોન્સ. મયુરરાજસિંહ જાડજા, તૌફિકભાઇ જુણાચ, ચાંપરાજભાઇ ખવડ, તૌફિકભાઇ મંધરાએ આ કામગીરી કરી હતી. બંને ક્યાંથી દારૂ લાવ્યા તેની તપાસ થઇ રહી છે.

### ક્રોધીત માણસ ગમે ત્યારે ગમે તેના જી લઈ લેતાં પણ અચકાતો નથી

# હત્યાની ત્રણ ઘટનાઃ પ્રેમ પ્રકરણ અને પૈસાનો ડખ્ખો કારણભૂત

### મહિલાને તેના જ પ્રેમીએ પતાવી લાશ શેરડીના વાડમાં નાંખી દીધીઃ બીજી ઘટનામાં પૈસા મામલે બોલાચાલીમાં આધેડની લોથ ઢળીઃ ત્રીજી ઘટનામાં યુવાનની ક્રુર હત્યા-રહસ્ય ઉકેલવા પોલીસ કામે લાગી

રાજકોટ, તા. ૧૭

અલગ અલગ કારણોસર રાજ્યભરમાં રોજબરોજ કોઇને કોઇની હત્યા થતી રહે છે. મારામારી, હત્યા, હત્યાની કોશિષના બનાવો સતત વધી રહ્યા છે. આ વચ્ચે વધુ ત્રણ હત્યાના કિસ્સા સામે આવ્યા છે. જેમાં એક બનાવમાં પ્રેમ પ્રકરણના કારણે મહિલાની હત્યા થઇ છે. પ્રેમીએ જ છરીના ઘા મારી હત્યા કરી હતી. બીજા બનાવમાં પૈસાની લેતી દેતીમાં યુવાનને ક્રુરતાથી પતાવી દેવાયો હતો. ત્રીજી ઘટનામાં એક યુવાનની ગળુ કાપી હત્યા કરાયેલી લાશ મળી આવી હતી.





વિગતો પર નજર કરીએ તો હત્યાની પ્રથમ ઘટના બારડોલી તાલુકાના તેંન ગામે બની છે. અહિ એક ચકચારી ભરી ઘટના સામે આવી છે. શેરડીના ખેતરમાંથી જ્યોતિ રાઠોડ નામની મહિલાની છરીના ઘા ઝીંકી હત્યા કરાયેલી હાલતમાં લાશ મળતાં પોલીસે ભેદ ઉકેલવા દોડધામ શરૂ કરી હતી. ટુંકા સમયમાં જ પોલીસને સફળતા મળી હતી. આ મહિલાની હત્યા તેના પ્રેમી કરી હોવાનું ખુલતાં ટીમ બનાવી તેને શોધી કાઢવામાં આવ્યો હતો. જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢીયાએ ઘટનાસ્થળનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે ચાર અલગ-અલગ ટીમો બનાવી તપાસના આદેશ આપ્યા હતા. ઘટનાસ્થળેથી મોબાઈલ અને છરી મળી આવી હતી. પોલીસે એફએસએલ પરીક્ષણ કરાવ્યું અને કૉલ ડિટેઇલ્સ તપાસી હતી. મૃતક જ્યોતિ રાઠોડ બારડોલીની જશોદા કાઠિયાવાડી થાળ હોટલમાં નોકરી કરતી હતી.

તેની ઓળખાણ ત્યાં વેઈટર તરીકે કામ કરતા કમલ ભમરૂ ભીલ સાથે થઈ હતી. બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો. થોડા સમયથી સંબંધમાં તણાવ સર્જાતા જ્યોતિએ કમલ સાથે વાતચીત બંધ કરી દીધી હતી. મૃતકની માતાએ વ્યક્ત કરેલી શંકાને આધારે જિલ્લા એલસીબી અને બારડોલી ટાઉન પોલીસની સંયુક્ત ટીમે રાજસ્થાન જઈને આરોપી કમલ ભમરૂ ભીલની ઉદયપુર નજીકથી ધરપકડ કરી લીધી હતી. આમ રહસ્યમય હત્યાનો ભેદ ખુલવાની સાથે આરોપી પણ ઝડપાઇગયો હતો.

હત્યાની બીજી ઘટના પૈસાના ડખ્ખામાં થઇ છે. સુરતના સગરામપુરા ક્ષેત્રપાળ મંદિર પાસે પૈસાની લેતી દેતીમાં થયેલા ઝઘડામાં ભિક્ષુકે આધેડ પર ચપ્પુના ઘા મારી હત્યા કરી નાખ્યાનો બનાવ બન્યો હતો. અઠવા પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપીને ઝડપી લીધો હતો. પોલીસ સુત્રોએ વિગતો આપતા કહ્યું હતું કે સગરામપુરાના ક્ષેત્રપાલ હનુમાનજી મંદિર નજીકના ફુટપાથ ઉપર શંકર ધર્મપાલ ઠાકુર ભિક્ષા માંગી જીવન ગુજારતો હતો. જ્યારે ક્ષેત્રપાળ મંદીર પાસે આવેલા કબીરપુરા અલીફ એપાર્ટમેન્ટમાં સાળીના ઘરે રહેતા અખ્તરખાન ગફારખાન પઠાણ પણ આ વિસ્તારમાં ભીક્ષા માંગતો હતો. બંને જણા સગરામપુરા ક્ષેત્રપાળ મંદીર પાસે હતા ત્યારે પૈસાની લેતી દેતીમાં તેમની વચ્ચે ઝઘડો થયો હતો. બંને વચ્ચે ઝપાઝપી થતા ઉશ્કેરાઇ ગયેલા શંકરે પોતાની પાસેનું ચપ્પુ કાઢીને અખ્તરખાનની છાતીમાં ઘા મારી દેતા તે ત્યાંજ ફસડાઇ પડ્યો હતો. હત્યાની આ ઘટનામાં પણ પોલીસે તુરંત ભેદ ઉકેલી આરોપીને હસ્તગત કરી લીધો હતો.

ત્રીજી ઘટના અંજાર તાલુકામાં બની હતી. અહિ ભીમાસર ગામ નજીક અરૂણકુમાર દેવ શાહુ નામના બત્રીસ વર્ષના મુળ બિહારના યુવાનની હત્યા થઇ છે. આ યુવાન હાલ ભીમારસ માધવ હોટેલમાં કામ કરતો હતો. ભીમાસર રેલવે સ્ટેશન તરફ જતા નિર્જન રસ્તા પરથી અરૂણકુમારનો મૃતદેહ લોહીથી લથપથ હાલતમાં મળી આવ્યો હતો. હુમલાખોરોએ તીક્ષ્ણ હથિયારથી તેનું ગળું કાપી નાખ્યું હતું. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે અંજાર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અંજાર પોલીસ ઈન્સ્પેક્ટર અજયસિંહ ગોહિલના જણાવ્યા મુજબ અજાણ્યા શખ્સો વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો છે. મૃતક અહીં તેની પત્નિરેખાબેન સાથે રહેતો હતો. પોલીસે હત્યા પાછળનું કારણ જાણવા અને હત્યારાઓને પકડવા માટે વિવિધ દિશામાં તપાસ શરૂ કરી છે. કચ્છ જિલ્લામાં પોલીસની સક્રિય કામગીરી છતાં છેલ્લા દોઢ મહિનામાં આ છઠ્ઠી હત્યાની ઘટના નોંધાઈ છે. હત્યાનો ભેદ ઉકેલવા અલગ અલગ ટીમો કામે લાગી હતી.

### મવડીના શિવાય એપાર્ટમેન્ટના બિલ્ડરે અઢી કરોડની લોન ચાલુ હોવા છતાં દસ્તાવેજ કરી દીધા

# ભેજાબાજ બિલ્ડરે ૧૭ ફ્લેટહોલ્ડરોને 'મામુ' બનાવ્યા!

### મંડળીની લોનના બે કરોડ ભર્યા, અડધો કરોડ ન ભરી શકતાં ફ્લેટધારકોને મળી ધડાધડ નોટીસોઃ તાલુકા પોલીસમાં દાખલ થઇ ફ્રોડની ફરિયાદ

રાજકોટ, તા. ૧૭

અલગ અલગ પ્રકારે છેતરપીંડી રોજેરોજ થતી રહે છે. દરમિયાન હવે એક બિલ્ડરે ફ્લેટધારકોને છેતરી લીધાનું સામે આવ્યું છે. આ મામલે તાલુકા પોલીસે બિલ્ડર વિરૂધ્ધ ફ્રોડની ફરિયાદ દાખલ કરી છે. મવડીમાં શિવાય એપાર્ટમેન્ટના બિલ્ડરે અઢી કરોડની લોન ચાલુ હોવા છતાં સત્તર ફ્લેટધારકોને કોઇ કરજ બોજો ગીરો કે કોઇનું લેણું નથી તેવી ખાત્રી વિશ્વાસ આપી વેંચાણ દસ્તાવેજ કરી આપ્યા હતાં. પણ હવે બિલ્ડરે અડધા કરોડની લોન ન ભરતાં વ્યાજ સહિત આ નાણા ભરપાઇ કરવા અથવા મિલ્કત જપ્ત કરવાની નોટીસો આ ફ્લેટધારકોને મળતાં પોલીસને ફરિયાદ દાખલ કરાવાઇ છે.

વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં તાલુકા પોલીસે રાજનગર ચોક રાધાનગર ગલાલ વિહાર સોસાયટી શેરી નં. ૨માં રહેતાં અને કોટડા સાંગાણીના મોટા માંડવા ગામે પ્રાથમિક શાળામાં શિક્ષીકા તરીકે નોકરી કરતાં હેતલબેન મોહનીશભાઇ ટીલાળા નામના ચાલીસ વર્ષના શિક્ષીકાની ફરિયાદ પરથી પીડીએમ કોલેજ પાછળ વંદના હેરીટેજ બ્લોક નં. બી-૪૦૨માં રહેતાં વિરેન બાબુભાઇ સિંધવ અને તપાસમાં ખુલે તેની સામે છેતરપીંડીનો ગુનો નોંધ્યો છે. હેતલબેને જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહું છું અને શિક્ષીકા તરીકે નોકરી કરુ છું. અમે મવડી રેવન્યુ સર્વે નં. ૧૮૧ની જમીનમાં બિલ્ડર વિરેન બાબુભાઇ સિંધવે બનાવેલા શિવાય એપાર્ટમેન્ટમાં ફ્લેટ ખરીદ કર્યો હતો. આ એપાર્ટમેન્ટમાં કુલ ૩૨ ફ્લેટ છે.

જેમાંથી ફ્લેટ નં. ૫૦૩ મારો છે. આ ફ્લેટ અમે એક્સીસ બેંકની લોનથી ખરીદ કર્યો હતો. તેમજ મારા દિયર કિશન અશ્વીનભાઇ ટીલાળાને રહેવા માટે આપ્યો હતો. આ ફ્લેટનો વેંચાણ દસ્તાવેજ બિલ્ડર વિરેન સિંધવે અમને તા. ૨૬/૫/૨૦ના રોજ કરી આપ્યો હતો. દરમિયાન ગત તા. ૧૨/૫/૨૫ના રોજ હું ઘરે હતી ત્યારે મારા દિયર કિશનભાઇનો ફોન આવેલો અને વાત કરી હતી કે એક ટપાલ ઘરે આવી છે જેમાં શુક્લા એન્ડ શુક્લા એડવોકેટસના નામે તમારા નામની નોટીસ છે.



આ નોટીસ માંડવરાયજી ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટી લી.એ મોકલી છે. આ નોટીસમાં મંડળીમાંથી લેવાયેલી લોનની વિગત છે. જેમાં માધાપર ચકોડી રાધા રેસીડેન્સી એ-૧૩૦૨માં રહેતાં કેવીનભાઇ જીતેન્દ્રભાઇ પંડ્યાએ નોટીસમાં જણાવ્યું છે કે વિરેન બાબુભાઇ સિંધવે તેની સ્થાવતર મિલ્કત શિવાય ફ્લેટ પર રૂા. ૫૦ લાખની ક્રેડીટ ૧૫ ટકાથી લીધી છે. આ ધિરાણમાં બાબુભાઇ માધાભાઇ સિંધવ અને હેમલભાઇ દીપકભાઇ સોમૈયા જામીન પડ્યા છે. શિવાય ફ્લેટ્સમાં કુલ ૩૨ ફ્લેટ છે તેમાં ૧૭ ફ્લેટનો ધીરાણ સવલતની જામીનગીરીમાં બિલ્ડર વિરેન સિંધવે લોન લીધી હોઇ તે ભરપાઇ ન કરતાં મિલ્કત વસુલ મેળવવા લવાદ કેસ કરાયો છે.

બાકી નીકળતાં રૂા. ૫૩,૭૭,૯૦૬ની રકમ તથા ૧/૫/૨૩થી વસુલ થતાં ૧૫ ટકા વ્યાજ અને ૨ ટકા વધારાના વ્યાજ સહિત રકમ મેળવવા દાવો કરાયો છે. વ્યાજ સહિત આ રકમ ૬૬,૩૫,૨૩૭ થાય છે. આ નોટીસ મળ્યે દિવસ-૧૫માં વ્યાજ સહિતની રકમ ભરપાઇ કરવાજણાવાયું હતું. મંડળીએ ફ્લેટ ખરીદ કરનારને આ રકમ ભરવા નોટીસમાં લખાવ્યું હતું. તેમજ જો રકમ ભરપાઇ નહિ થાય તો વસુલાતની કાયદેસરની કાર્યવાહી થશે તેવી નોંધ પણ નોટીસમાં હતી.

આમ નોટીસની ઉપરોક્ત વિગતો મારા દિયરે મને કરતાં અમે તપાસ કરતાં શિવાય એપાર્ટમેન્ટના અન્ય ૯ ફ્લેટ ધારકો પ્રજ્ઞાબેન નિલેષભાઇ ચૌહાણ, જોશનાબેન રમેશભાઇ ડાંગરીયા, ભારતીબેન દિનકરરાય જોશી, જયેશભાઇ દુલેરાય પંડ્યા, મંજુલાબેન, ભીખાભાઇ ભેંડેરી, કૃષ્ણાબેન અનીલભાઇ સાવલીયા, રેખાબેન પ્રશાંતભાઇ ધામેલીયા, અંકિતાબેન ગૌરવભાઇ રોજાસરા અને ક્રિષ્નાબેન પંકજભાઇ મહેરા તથા બીજા ફ્લેટ ધારકોને પણ આવી નોટીસ આવી હોવાની ખબર પડી હતી. આથી બધાએ મળી બિલ્ડર વિરેન સિંધવને વાત કરી હતી.

આ સામે બિલ્ડરે કહેલું કે મેં ૨૦૧૯માં માંડવરાયજી ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટી લિ.માંથી આ બિલ્ડીંગની ફાઇલ મુકી રૂા. ૨,૫૦,૦૦,૦૦૦ની લોન લીધી છે. જેમાંથી ૨,૦૦,૦૦,૦૦૦ ભરી દીધા છે અને બાકીના ૫૦,૦૦,૦૦૦ અને તનું વ્યાજ ભરવાનું બાકી છે, પણ હાલ મારી પાસે પૈસા નથી. આમ વિરન સિંધવે ૨૦૧૯માં આ શિવાય એપાર્ટમેન્ટ પર અઢી કરોડની લોન લીધી હોવા છતાં ૨૦૨૦માં અલગ અલગ લોકોને ફ્લેટના વેંચાણ દસ્તાવેજ કરી દીધા હતાં અને આ મિલ્કત જમીન ઉપર સરકાર, સરકારી કે સહકારી કે બેંકનું, પેઢીનું, નિગમનું, સહકારી મંડળીનું કે અન્ય કોઇનું કોઇપણ પ્રકારનું કરજ, બોજો નથી કે કોઇનો ચાર્જ હક્ક નથી એ સહિતના લખાણ સાથે દસ્તાવેજ કરી આપ્યો હતો.

આ એપાર્ટમેન્ટના કુલ પૈકી સત્તર ફ્લેટની ફાઇલ મુકી તેણે અઢી કરોડની લોન લઇ લીધી હોઇ તે વાત છુપાવી દસ્તાવેજ કરી આપી છેતરપીંડી કરી હોઇ અમે ફરિયાદ નોંધાવી હતી. તેમ વધુમાં શિક્ષીકા હેતલબેન ટીલાળાએ જણાવતાં તાલુકા પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર ડી. એમ. હરીપરાના માર્ગદર્શનમાં એએસઆઇ કે. પી. સાગરે ફરિયાદ દાખલ કરી વિશેષ તપાસ શરૂ કરી હતી.

### ગામના ગરીયા ફેરવી ગજવા ભરનારા ગમે તેને છેતરી લે પછી ભલે એ પરિચીત હોય

# જમીનના વેપારીને ભાગીદારે લગાવ્યો ૧૨ાા કરોડનો ચૂનો

## બીજી તરફ શેર બજારમાં કમાઇ લેવાની લાલચે યુવાને ગુમાવી દીધા સાડા છવ્વીસ લાખ રૂપિયા

રાજકોટ, તા. ૧૭

છેતરપીંડીની ઘટનાઓ અટકવાનું નામ લેતી નથી. એક જમીનના વેપારીને તેના જ ભાગીદારે કરોડોનો ચુનો લગાવી દીધો હતો. ભાગીદાર અને તેના ભત્રીજાએ મળી જમીનના વેપારીને સાડા બાર કરોડના શીશામાં ઉતારી દઇ પછી હીસાબો ન ચુકવી માથે જતાં ધમકી આપતાં વાત પોલીસ સુધી પહોંચી હતી. બીજી ઘટના જોઇએ તો શેર બજારમાં નફાની લાલચ આપી યુવાનના સાડા છવ્વીસ લાખ પડાવી લેવાયા હતાં.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો સુરતના વરાછામાં એક જમીન વેપારી સાથે જમીનના હિસાબોમાં ૧૨.૪૦ કરોડની મોટી ઠગાઈ થઈ હોવાનો કિસ્સો સામે આવ્યો છે. ઉધના-મગદલ્લાના બે ભાગીદાર જીતેન્દ્ર સેંધાણી અને તેના ભત્રીજા વિશાલ પટેલે જમીનના હિસાબો ચૂકવવાનો ઈનકાર કરી, ધમકીઓ આપતા મામલો સુરત ક્રાઇમ બ્રાંચમાં પહોંચ્યો છે. વરાછાના લંબે હનુમાન રોડ પરની શાંતિવન સોસાયટીમાં રહેતા એકાવન વર્ષીય ઘનશ્યામભાઈ રામજીભાઈ માવાણી હીરા અને જમીનનો વેપાર કરે છે. તેમણે પોલીસ ફરિયાદમાં જણાવ્યું કે, તેમની જીતુભાઈ સાથે જમીન વેચાણની ભાગીદારી ચાલતી હતી. ઘનશ્યામભાઈએ કામરેજ તાલુકાના ધોરણ પારડી બ્લોક નંબર ૧૨૧ની આશરે ૧૫-૧૬ વીઘા જમીનનો સોદો કર્યો હતો.

આ જમીન મૂળ માલિક ગગજીભાઈ ઉર્ફે ગુણવતભાઈ ભરવાડ પાસેથી રૂપિયા ૭.૨૫ કરોડમાં ખરીદવામાં આવી હતી. દસ્તાવેજ સમયે જ્યારે ૨.૭ કરોડની જરૂર પડી, ત્યારે ઘનશ્યામભાઈ પાસે પૂરતા પૈસા ન હોવાથી તેમણે જીતેન્દ્રભાઈ ઉર્ફે જીતુભાઈ કરસનભાઈ સેંધાણી અને તેમના ભત્રીજા વિશાલ નરસિંહભાઈ પટેલને ભાગીદાર બનાવ્યા હતા. આ બંનેએ બાકીના પૈસા ચૂકવી આપ્યા હતા. આ સોદામાં ઘનશ્યામભાઈનો હિસ્સો ૬૦ ટકા નક્કી થયો હતો. આવકવેરાના કારણે વિશ્વાસનો ભંગ તે સમયે આવકવેરા વિભાગની તપાસને કારણે મુશ્કેલી થતી હોવાથી ઘનશ્યામભાઈએ વિશ્વાસ મૂકીને જમીનનો દસ્તાવેજ જીતુભાઈના નામે કરાવ્યો હતો. બાદ આ જમીન દીપકભાઈ ખુશાલભાઈ ચોકસીને ૧૨.૮૭ કરોડમાં વેચવામાં આવી. આ સોદામાંથી ઘનશ્યામભાઈને તેમના સાઇઠ ટકા હિસ્સા મુજબ ૩.૬૭ કરોડ મળવાના




હતા, પરંતુ જીતુભાઈએ આ રકમ ચૂકવવાનો ઈનકાર કર્યો અને બહાનાબાજી કરવા લાગ્યા. આ ઉપરાંત, અન્ય સોદાઓ અને લોન સહિતના કુલ ૮.૯૦ કરોડના હિસાબો પણ તેઓએ ચૂકવ્યા નહોતા. જ્યારે જીતુભાઈ અને વિશાલ પૈસા આપતા ન હતા, ત્યારે તુષારભાઈ ઘેલાણી, ઇલ્યાસભાઈ રેલ્વેવાલા અને મનુભાઈ ઓથાની હાજરીમાં એક પંચાયત બેસાડવામાં આવી. પંચાયત દરમિયાન, જીતેન્દ્ર સેંધાણી પાસેથી ઘનશ્યામભાઈને ૬.૧૮ કરોડ રૂપિયા લેવાના નીકળતા હતા, જે દિવાળી પછી ચૂકવી આપવાનું તેમણે વચન આપ્યું. જોકે, આ વચન પણ પૂરુ થયું નહીં અને અન્ય હિસાબો સાથે કુલ ૮.૯૦ કરોડની રકમ પરત મળી નહીં. આ કારણે ઘનશ્યામભાઈને પોતાની અન્ય મિલકતો વેચીને લેણદારોના પૈસા ચૂકવવા પડ્યા.

જ્યારે ઘનશ્યામભાઈએ પૈસા માટે દબાણ વધાર્યું, ત્યારે જીતેન્દ્ર અને વિશાલે તેમને ધમકી આપી કે અમારી રાજકારણમાં મોટી ઓળખાણ છે. ખોટા કેસ કરી આખી જિંદગી જેલમાં બેસાડી દઈશું તેવી ધમકી આપી હતી. આ કારણે ઘનશ્યામભાઈએ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. અંતે પોલીસે જીતેન્દ્ર સેંધાણી અને વિશાલ પટેલ વિરૂધ્ધ ૧૨.૪૦ કરોડની છેતરપિંડી અને ધમકી આપવાનો ગુનો દાખલ કર્યો હતો.

બીજી તરફ ગાંધીનગરના યુવાનને શેર બજારમાં કમાણી કરાવાવવની લાલચ આપી ગઠીયાઓ લાખોમાં નવડાવી ગયા છે. સમગ્ર દેશમાં હાલ સાયબર ક્રાઇમની ઘટનાઓ વધી રહી છે અને સાયબર ગઠિયાઓ શિક્ષિત યુવાનોને પણ નિશાન બનાવી રહ્યા છે ત્યારે આ વખતે કુડાસણમાં રહેતા અને અહીં કબીર હેલ્થ વિટામીન ફૂડ ઝોન નામથી વેપાર કરતા કિંજલભાઇ રેવાભાઇ પટેલ પણ સાયબર ગઠિયાઓની જાળમાં ફસાયા છે. પોલીસે જણાયું કે કિંજલ પટેલને અજાણ્યા નંબર પરથી વોટ્સએપ ગ્રુપમાં એડ કરવામાં આવ્યા હતા. જેમાં શેર બજારમાં રોકાણ વિશેની માહિતી આપવામાં આવતી હતી ત્યારબાદ તેમને રમા શેઠ તરીકે અંગત મેસેજ કરવામાં આવ્યો હતો અને એપ્લિકેશન દ્વારા ટ્રેડિંગ કરવા માટે સૂચન કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ આ વ્યક્તિએ અરમાન ગોએન્કાનો સંપર્ક કરવા કહ્યુ હતું અને એક એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી જેમાં તેમણે આઠ ડિસેમ્બરના રોજ ૫૦૦૦ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા અને તેમને નફો દેખાડવામાં આવ્યો હતો ત્યારબાદ તેમને વિશ્વાસ આવ્યો હતો અને તબક્કાવાર ૨૬.૫૨ લાખ રૂપિયા ટ્રાન્સફર કરી દીધા હતા. જોકે આ રૂપિયા ઉપાડવાનો પ્રયાસ કરવામાં આવતા તે ઉપડી શક્યા ન હતા અને ત્યારબાદ તેમની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતાં સાયબર ક્રાઇમ હેલ્પલાઇનમાં ફરિયાદ કરી હતી. જેથી હાલ આ અંગે ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઇમ પોલીસ દ્વારા ગુનો દાખલ કરીને સાયબર ગઠિયાઓને પકડવા માટે દોડધામ શરૂ થઇ હતી.

---

### રાજકોટ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા સેવા પખવાડિયાની ઉજવણી

# વડાપ્રધાનના જન્મદિન નિમિતે રક્તદાન : ૭૫૧ બોટલ રક્ત એકત્ર

રાજકોટ, તા. ૧૭

રાજકોટ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે સેવા પખવાડિયાની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે રાજકોટ શહેરમાં ઠેર-ઠેર રક્તદાન શિબિર યોજાઈ હતી. જેમાં કુલ ૭૫૧ બ્લડ યુનિટ એકત્ર થયા હતાં.

રાજકોટ શહેરમાં એઈમ્સ બ્લડ સેન્ટરના સહયોગથી એઈમ્સ ખાતે ૧૦ બોટલ, પંડિત દીનદયાળ ઉપાધ્યાય સરકારી હોસ્પિટલના સહયોગથી માધાપર તાલુકા શાળા ખાતે ૮૪ બોટલ અને આર. કે.



યુનિવર્સીટી, ત્રંબા ખાતે ૨૬ બોટલ, લાઇફ બ્લડ સેન્ટરના સહયોગથી મારવાડી યુનિવર્સીટી ખાતે ૩૦૦ બોટલ, એસ. સી. પટેલ ફિલ્ડ માર્શલ બ્લડ સેન્ટરના સહયોગથી શાળા નં. ૬૦ ખાતે ૦૮ બોટલ અને શેઠ હાઈસ્કુલ ખાતે ૨૫ બોટલ, નાથાણી વોલ્યુન્ટરી બ્લડ બેંકના સહયોગથી સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યાલય ખાતે ૫૨ (બાવન) બોટલ, રેડ ક્રોસ બ્લડ બેંકના સહયોગથી આત્મીય યુનિવર્સીટી ખાતે ૯૫ બોટલ, દર્શન યુનિવર્સીટી ખાતે ૪૭ બોટલ, જીવરાજ પાર્ક ખાતે ૧૭ બોટલ અને વિરાણી ખાતે ૩૪ બોટલ તેમજ જીવનદીપ બ્લડ સેન્ટરના સહયોગથી ૫૩ બોટલ મળી કુલ ૭૫૧ બોટલ રક્ત એકત્ર થયું હતું.

---

# ભેંસ-પાડાને ક્રુરતાપૂર્વક બાંધીને કતલખાને લઈ જતો એઝાઝ રતનપર પાસેથી પકડાયો

### વાંકાનેરના શખ્સને કુવાડવા પોલીસ, જીવદયા પ્રેમીઓએ પકડી ગુનો દાખલ કર્યોઃ કતલખાને લઇ જતો હોવાની શંકાએ તપાસ

રાજકોટ, તા. ૧૭

પશુઓને ક્રુરતા પુર્વક વાહનોમાં બાંધીને કતલખાને લઇ જતાં હોવાના બનાવો અવાર-નવાર જીવદયા પ્રેમીઓની જાગૃકતાને કારણે સામે આવે છે. દરમિયાન વાંકાનેરનો શખ્સ બોલેરો પીકઅપ ગાડીમાં ઘાંચારો, પાણી વગર ભેંસ અને પાડાને ક્રુરતા પુર્વક તે હલનચલન ન કરી શકે તે રાજકોટ તરફ લાવતો હોઇ પોલીસ અને જીવદયા પ્રેમીઓએ પકડી લીધો હતો. તે આ ભેંસ, પાડાને કતલખાને લઇ જતો હોવાની શંકાએ વિશેષ તપાસ હાથ ધરવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો આ મામલે કુવાડવા રોડ પોલીસે મોરબી રોડ સેટેલાઇટ ચોક પુષ્કરધામ રેવન્યુ-૦૨ ખાતે રહેતાં અને ગુજરાત ગેસમાં પેટા કોન્ટ્રાક્ટર



તરીકે નોકરી કરવાની સાથે કૃપા ફાઉન્ડેશનમાં ગૌરક્ષક તથા જીવદયા પ્રેમીની કામગીરી કરતાં ભાવીનભાઇ ઘનશ્યામભાઇ ઘીયાડ નામના પાંત્રીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી બોલેરો પીકઅપ જીજે૦૩ઝેડ-૭૮૦૫ના ચાલક વાંકાનેરના એઝાઝ અબ્બાસભાઇ લાખા તથા તપાસમાં ખુલે તેની સામે એફઆઇઆર દાખલ કરી હતી. ભાવીનભાઇ ઘીયાડે જણાવ્યું હતું કે ૧૭મીએ રાતે ત્રણેક વાગ્યે વાંકાનેર તરફથી એક બોલેરો પશુ ભરીને પાસ પરમીટ વ ગર રાજકોટ તરફ આવે છે તેવી માહિતી મળતાં સંસ્થાના સભ્ય જયભાઇ સાગઠીયા, કિશનભાઇ લશ્કરી, જયેન્દ્રભાઇ ચંદ્રવાડીયા સહિતના અમે રતનપર ગામ દ્વારકાધીશ હોટલ પાસે ઉભા રહી ગયા હતાં.

ત્યારબાદ સવારે સાડા ચારેક વાગ્યે અમે પોલીસ કન્ટ્રોલમાં જાણ કરી પોલીસ પણ બોલાવી લીધી હતી. આ દરમિયાન બાતમી મુજબની બોલેરો પીકઅપ ગાડી આવી હતી. પોલીસ સ્ટાફે તથા અમે કાર્યકરોએ ગાડી ઉભી રખાવી હતી. તેમાં ચેક કરતાં પાછળ ભેંસ અને પાડો જોવા મળ્યા હતાં. ડ્રાઇવરનું નામ પુછતાં એઝાઝ લાખા જણાવ્યું હતું. આ ભેંસ, પાડો ક્યાંથી લાવ્યા? તે અંગે પુછતાં તેણે કહ્યું હતું કે વાંકાનેરના અમરસગર ગામેથી નિઝામભાઇ પાસેથી વેંચાતા લઇ સદર બજાર રાજકોટ ખાતે મક્સુદભાઇને આપવા જાવ છું. આ બાબતે કોઇની મંજુરી છે કે કેમ? તે પુછતાં તેણે ના પાડી હતી.

અંદર ભેંસ, પાડો હલનચલન કરી ન શકે એ રીતે ક્રુરતાપુર્વક તેને બાંધી રખાયા હોઇ અને અંદર ઘાંસચારો, પાણી પણ ન હોઇ અને તેન કતલખાને લઇ જતો હોવાની શંકા હોઇ તેના વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. તેમ વધુમાં ભાવીનભાઇએ જણાવતાં પીઆઇ બી. પી. રજયાની રાહબરીમાં એએસઆઇ એમ. એમ. આજગયાએ ગુનો નોંધી દસ હજારની ભેંસ, દસ હજારનો પાડો અને ૨ લાખની બોલરો કબ્જે કર્યા હતાં. તે આ જીવને કયા કતલખાને લઇ જતો હતો? તે સહિતની વિગતો મેળવવા તપાસ શરૂ થઇ હતી.

---

# એસટી બસ સ્ટેશનમાં આંગળીનો ઈલમી છાત્રોનો ફોન સેરવી ગયો

### બસમાં ચડતી વખતે જીન્સના પાછલા ખિસ્સામાંથી મોબાઇલ સેરવી લીધોઃ એ-ડિવીઝનમાં ફરિયાદ

રાજકોટ, તા. ૧૭

શહેરના એસટી બસ સ્ટેશનમાં અવાર-નવાર મુસાફરોના મોબાઇલ, પર્સ ચોરાઇ જતાં હોય છે. વધુ એક વખત ગિરીદીનો લાભ ઉઠાવી આંગળીનો ઇલમી એક વિદ્યાર્થીનીનો મોબાઇલ ફોન સેરવી ગયો હતો.

જામનગરમાં દિગ્વીજયપ્લોટ-૫૮માં રહેતી સ્નેહા મહેશભાઇ ચાંદ્રા નામની છાત્રાએ એ-ડીવીઝન પોલીસ મથકમાં ફીરયાદ નોંધાવી છેકે તે રાજકોટ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં અભ્યાસ કરે છે. ગતતા.૧૨ના રોજ તેને રાજકોટથી જામનગર જવાનું હોઇ તેથી બસ સ્ટેશનમાં ૧૦ નંબરના પ્લેટફોર્મ પર હતી એ વખતે બસ આવતા તે બસમાં ચડવા જતા તેના જીન્સના પેન્ટની પાછળના ખીસ્સામાં રાખેલો રૂા.૧૩ હજારની કિંમતનો મોબાઇલ ફોન કોઇ અજાણ્યો શખ્સ ભીડનો લાભલઇ ચોરી ગયો હતો.

તે બસમાં ચડયા બાદ તપાસ કરતા ખીસ્સામાં મોબાઇલ ન મળતા તેણીએ તુરત જ આજુબાજુ તપાસ કરતા મોબાઇલ મળ્યો ન હતો બાદ તેણે જામનગર પોતાના ઘરે પહોંચ્યા બાદ ઓનલાઇન એફઆઇઆર કરતાં હેડકોન્સ પ્રતાપભાઇએ કાર્યવાહી કરી હતી.

---

# ઘંટેશ્વર પાસે પત્તા ટીચતા ચાર ઝડપાયા



રાજકોટ, તા. ૧૭

જૂગારીઓ હજુ પણ ગમે ત્યાં રમવા બેસી જાય છે. વધુ એક દરોડામાં ચાર શખ્સો ઝપટે ચડી ગયા હતાં. જામનગર રોડ પર ઘંટેશ્વર ૨૫ વારીયા કવાર્ટર પાસે ગાંધીગ્રામ પોલીસે દરોડો પાડ્યો હતો. ડી. સ્ટાફના હેડ કોન્સ. શબ્બીરખાન મલેક, રવિભાઇ ગઢવી તથા રોહિતદાનભાઇ ગઢવીને બાતમી મળતા સ્ટાફ સાથે દરોડો પાડી ઘંટેશ્વર ૨૫ વારીયા કવાર્ટર રેલવેના પાટા પાસે જાહેરમાં તીનપતીનો જુગાર રમતા ઘંટેશ્વર ૨૫ વારીયા કવાર્ટરમાં રહેતા સંજય જશાભાઇ વાઘેલા, માલીયાસણ ગામના મુકેશ રાજાભાઇ ડાંગર,ઘંટેશ્વર ૨૫ વારીયા કવાર્ટરના ઘનશ્યામ નાનજીભાઇ બુટીયા અને આકાશ સુનિલભાઇ વઢવાણીયાને પકડી લઇ રૂપિયા અગીયાર હજાર ચારસોની રોકડ સહિતની મતા કબજે કરી હતી. આ કામગીરી પીઆઇ એસ.આર. મેઘાણીના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એમ.વી. જાડેજા, હેડ કોન્સ. રોહિતદાનભાઇ ગઢવી, શબ્બીરભાઇ મલેક, રવીભાઇ ગઢવી, નરસીભાઇ ભેટારીયા, સહદેવસિંહ જાડેજા, કોન્સ. મુકેશભાઇ સબાડ, પ્રદિપભાઇ ડાંગર, ભરતભાઇ મકવાણા તથા અર્જુનભાઇ બાભવા દ્વારા કરવામાં આવી હતી.

---

### જ્વેલર્સના માલિકે નોકરીએ રાખ્યાના પંદર જ દિવસમાં શાહરૂખદ્દીને પોત પ્રકાશ્યું

# પટાવાળાએ પથારી ફેરવી : પોણાચાર કરોડની કરી ચોરી

### ચોરી કરી ભાગ્યા પછી ઉજાગરો હોવા છતાં જો સુઇ જશે તો કો'ક દાગીના લઇ જશે એવા ભયથી હોટેલમાં પણ જાગતો રહ્યોઃ બીજા શહેરમાં ભાગે એ પહેલા પોલીસ પહોંચી ગઇ

રાજકોટ, તા. ૧૭

કામ તો એવા કરીએ કે શેઠ બીજા દિવસે કહી દે કે આને તો ભારે કરી! કંઇક આવી જ એક ઘટના સામે આવી છે જેમાં એક જ્વેલર્સના શો રૂમમાં માંડ પંદર દિવસ નોકરી કરનારા લવરમુછીયાએ ખતરનાક પ્લાન ઘડી તિજોરમાંથી પોણા ચાર કરોડથી વધુના દાગીના ચોરી લીધા હતાં. આ ઘટનાથી જ્વેલર્સના શો રૂમ માલિક અને પોલીસ બંને ખળભળી ગયા હતાં. આટલી મોટી મત્તાની ચોરી તિજોરી ખોલીને કરવામાં આવી હોઇ જાણભેદુની સંડોવણીની શંકાએ તપાસ શરૂ થઇ હતી. જે સાચી ઠરી હતી. આ ચોરી બીજા કોઇએ નહિ પણ પખવાડીયા પહેલા પ્યુન તરીકે નોકરીમાં રખાયેલા શાહરૂખદીન નામના ઓગણીસ વર્ષના છોકરાએ કરી હોવાનું ખુલ્યું હતું. સદ્દનસિબે પોલીસ આ ઉઠાવગીરી સુધી પહોંચી ગઇ હતી અને મુદ્દામાલ કબ્જે કરી લીધો હતો.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદના કાલુપુર ઝવેરીવાડ શોભા ચેમ્બર્સ સ્થિત બેરા જ્વેલર્સમાંથી મધરાત બાદ ઓફિસની તિજોરી ખોલી રૂ.૩.૮૨ કરોડના સોના,ચાંદી અને હીરાજડીત દાગીના ચોરી બસમાં મુંબઈ જવા નીકળેલા અને સુરતના કડોદરા ખાતે ઉતરી સાંજની બસમાં મુંબઈ જવા સુરતના કુંભારીયા ખાતે પહોંચેલા ઓણીસ વર્ષના લબરમૂછીયા પટાવાળાને સુરતની સારોલી પોલીસે તમામ મુદ્દામાલ સાથે ઝડપી પાડી બાદમાં તેનો કબજો અમદાવાદ પોલીસને સોંપ્યો હતો. કરોડોના દાગીના ચોરનાર મૂળ પશ્ચીમ બંગાળનો લબરમુછીયો માત્ર પંદર દિવસ અગાઉ જ નોકરીએ લાગ્યો હતો. પોલીસ સુત્રોએ આપેલી માહિતી અનુસાર સુરતના સારોલી પોલીસ મથકના પીઆઈ એસ.આર.વેકરીયા અને સ્ટાફ ગત બપોરે પેટ્રોલીંગમાં હતો ત્યારે હેડ કોન્સ્ટેબલ યશપાલસિંહ મુળુભા અને કોન્સ્ટેબલ પરેશભાઈ નાથાભાઈને મળેલી બાતમીના આધારે કુંભારીયા ગામ સારથી હોટલ પાસેથી મુળ પશ્ચીમ બંગાળના ઓગણીસ વર્ષના શાહરૂખદીન કમલુદ્દીન મીરને ૧૪૧૭.૭૭ ગ્રામ સોનાના બિસ્કીટ, સોનાના અને હીરાજડીત દાગીના, ૬૯૭.૮૨ ગ્રામ ચાંદીના દાગીના, અન્ય વસ્તુઓ અને બે મોબાઈલ ફોન સાથે ઝડપી લીધો હતો.

કરોડોની મત્તાના દાગીના શાહરૂખદીન પાસેથી મળતા પોલીસે તેની પુછપરછ કરતા અમદાવાદના કાલુપુર પોલીસ મથકમાં ગતરોજ નોંધાયેલા રૂ.૩,૮૧,૫૯,૦૬૧ ની મત્તાના દાગીનાની ચોરીનો ભેદ ઉકેલાયો હતો. સારોલી પોલીસે વધુ પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે શાહરુખદીન ઝવેરીવાડ શોભા ચેમ્બર્સ સ્થિત પવિત્રો નંદોલાલ બેરાની બેરા જ્વેલ્સ એલએલપી નામની દુકાનમાં માત્ર પંદર દિવસ અગાઉ પટાવાળા તરીકે નોકરીએ જોડાયો હતો. શાહરૂખદીન બેરા જ્વેલ્સ માટે દાગીના બનાવતા અન્ય કારીગરો સાથે ત્યાં ઓફિસની



## આઈપીઓના નામે કમાણી કરવા જતાં શેરદલાલ પોણા ત્રણ કરોડમાં ન્હાઈ ગયોઃ કંપનીના ડીરેક્ટરે જ દીધો ધૂંબો

બાજુની રૂમમાં રહેતો હતો. આ પછી પ્લાન મુજબ મધરાત બાદ બેથી સવા ત્રણના ગાળામાં તેણે ઓફિસની તિજોરી ખોલી સોનાના બિસ્કીટ, સોનાના અને હીરાજડીત દાગીના, ચાંદીના દાગીના, અન્ય વસ્તુઓની ચોરી કરી હતી અને ફરાર થઇ ગયો હતો.

ચોરી કરીને તે બસમાં મુંબઈ જવા નીકળ્યો હતો.પણ સુરત નજીક કડોદરા ખાતે તેણે ઉતરવું પડયું હતું. ત્યાં તપાસ કરતા મુંબઈ જવા માટે બસ સાંજે સુરતથી મળશે તેવી તેને માહિતી મળી હતી. આથી તે દાગીના લઈ સુરત આવ્યો હતો અને કુંભારીયા વિસ્તારમાં પહોંચ્યો તે સાથે જ સારોલી પોલીસને માહિતી મળતા તેને ઝડપી લીધો હતો. સારોલી પોલીસે તેનો કબજો અમદાવાદ પોલીસને સોંપ્યો હતો. કરોડોના દાગીના ચોરી અમદાવાદથી ભાગેલા શાહરૂખદીનને આખી રાતનો ઉજાગરો હતો.કડોદરા ઉતરીને મુંબઈ જવાની બસ અંગે તપાસ કરતા તે સુરતથી અને સાંજે મળશે તેવી માહિતી તેને મળી હતી.ઉજાગરાને લીધે તેને ઘ આવતી હતી.પણ પોતે સુઈ જાય તો કોઈ કરોડોના દાગીના ચોરી ભાગી જાય તેવું વિચારી તેણે કડોદરાથી નવી બેગ ખરીદી હતી અને બાદમાં સુરતમાં સાંજ સુધી હોટલમાં આરામ કરવા તે આવ્યો હતો અને પોલીસ તેના સુધી પહોંચી ગઇ હતી.

ફ્રોડની અન્ય એક ઘટનામાં અમદાવાદની કલારીધન ટ્રેડ લીના ડાયરેક્ટરે પોતાની કલારીધન કંપનીનો આઇપીઓ લાવી દીધો હતો. જ્યારે બીજી કંપનીનો આઇપીઓ લાવવા માટે ૩ કરોડ રૂપિયાની જરૂર છે, જે રોકાણ કરશે તેને સાડા ચાર કરોડ આપવાની વાતો કરી એક દલાલ પાસેથી ૨.૭૫ કરોડ પડાવ્યા હતા. આ રૂપિયા આવી ગયા બાદ કોઇ ત્ભ્બ આવ્યો નહિ કે વળતર પણ મળ્યું નહિ. જેને પગલે દલાલે અમદાવાદ ક્રાઇમબ્રાંચમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ આદરી હતી. ઉસ્માનપુરાની મિત્ર મંડળ સોસાયટીમાં રહેતા પુરવ ભરતભાઇ પટેલ શેરબજારનું કામકાજ કરે છે તથા જુદી જુદી કંપનીઓના શેરમાં રોકાણ પણ કરે છે. તેમના સીએ મુકેશ લઢાની ઓફિસ મીઠાખળી ખાતે છે. તેઓ જ્યારે પોતાની દખ્ની ઓફિસ પર જતા આવતા હતા.

ત્યારે તેમની મુલાકાત ત્યાં આવતા નિરંજન દ્વારકા-સાદ અગ્રવાલ સાથે થઇ હતી. નિરંજન અગ્રવાલ પુરવ પટેલને દખ્ની ઓફિસ બહાર મળી જતા ત્યારે પોતાના ધંધાની વાતો કરતા હતા. નિરંજન અગ્રવાલે પુરવ પટેલને કહ્યું હતું કે તેમની કંપની કલારીધન ટ્રેડ લીનો ત્ભ્બ આવી ગયો છે, જ્યારે હવે તે પોતાની બીજી કંપની કેટેક્સ એક્ઝીમનો ત્ભ્બ લાવવાની તૈયારી કરી રહ્યા છે, જેમાં રૂપિયાની જરૂર છે. માટે પુરવ પટેલને રોકાણ કરવા વિનંતી કરી અને વધુ નફાની લાલચ આપી હતી. પુરવ પટેલે વાત ધ્યાને લીધી નહોતી. ત્યારે જ સીએ મુકેશ લઢાએ પુરવ પટેલને જણાવ્યું હતું કે નિરંજન અગ્રવાલ મળવા માંગે છે અને સીએ જ પુરવ પટેલને સાથે લઇને નિરંજનની ઓફિસે ગયો હતો. જ્યાં રોકાણની વાતો કરી નિરંજન અગ્રવાલે પુરવ પટેલને સારા નફાની લાલચ આપી હતી. નિરંજનની વાતોમાં આવી જઇ પુરવ પટેલે પોતાના અને પત્નિના ખાતામાંથી ૧.૨૫ કરોડ તથા રોકડા ૩૦ લાખ અને એક મિત્રના ૧.૨૦ કરોડ મળી કુલ ૨.૭૫ કરોડનું રોકાણ કર્યું હતું. આટલા રૂપિયા આપ્યા બાદ પણ નિરંજને આઇપીઓની વિગતો આપી નહોતી. ત્યારે પુરવ પટેલે તપાસ કરતાં નિરંજનની એક્ઝીમ કેટેક્સનો આઇપીઓ રદ થઇ ગયો હોવાની જાણ થઇ હતી. પોતે છેતરાયા હોવાનો અહેસાસ થતા તેમણે આ બાબતે અમદાવાદ ક્રાઇમબ્રાંચમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ શરૂ કરવામાં આવી હતી.

# નવરાત્રીમાં ૧૦૦૦ પોલીસ જવાનો રહેશે ખડેપગે

## રાજકોટમાં ૩૨ અર્વાચીન રાસોત્સવ ઉપરાંત ૭૩ પ્રાચીન ગરબી, ૫૭૩ શેરી ગરબી મળી કુલ ૬૭૮ જેટલા આયોજન



રાજકોટ, તા. ૧૭

ગુજરાતમાં વિવિધ તહેવારો ની ધામધૂમ પૂર્વક ઉજવણી થતી હોય છે તેમાં પણ જ્યારે નવરાત્રિની વાત આવે તો કંઈક વાત જ અલગ છે મળતી માહિતી મુજબ નવરાત્રી તહેવારમાં લોકો અને યુવાનો મન મૂકીને ગરબાના તાલે ઝૂમતા હોય છે ત્યારે ઘણા ખરા કિસ્સાઓમાં સ્થિતિ વણસાયેલી જોવા મળે છે આ પ્રકારની કોઈ ઘટના કે દુર્ઘટના ન થાય તે માટે સ્થાનિક પોલીસ દ્વારા ખૂબ ગંભીરતાપૂર્વક આ ૧૦ દિવસ લેવામાં આવે છે અને ખાસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવતો હોય છે ત્યારે ૨૨મી સપ્ટેમ્બરથી સમગ્ર રાજ્યમાં નવરાત્રીનો શુભારંભ અને પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે રાજકોટની વાત કરવામાં આવે તો ગત વર્ષની સરખામણીમાં આ વખતે પ્રાચીન તથા અર્વાચીન રાત્સોત્સવની સંખ્યામાં ખાસો એવો વધારો થયો છે. રાજકોટમાં ૩૨ અર્વાચીન રાસોત્સવ ઉપરાંત ૭૩ પ્રાચીન ગરબી, ૫૭૩ શેરી ગરબી મળી કુલ ૬૭૮ જેટલા આયોજન થનાર હોય જે અન્વયે ખાસ કરીને ભારે ભીડ જમા થાય છે અને વધુ ઉંચા વોલ્યુમ સાથે સાઉન્ડ સીસ્ટમ લગાવાય છે તેવા આયોજનો માટે નિયમો અને માર્ગદર્શિકા પોલીસ દ્વારા જાહેર કરાયા હતા.હાઈકોર્ટે નવરાત્રિ પૂર્વે ડી.જે.ના ધ્વનિ પ્રદુષણ મુદ્દે પોલીસ પગલાના મુદ્દે ટકોર કરી છે ત્યારે લોકોની અને મહિલાઓની સલામતિ માટે રાજકોટની ૧૦૦૦ પોલીસ તૈનાત રાખવામાં આવશે.

ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે તમામ રાસોત્સવના આયોજન માટે ૧૦૦૦થી વધુ પોલીસ, હોમગાર્ડ અને એસઆરપીનો બંદોબસ્ત તૈનાત રખાશે. આ ઉપરાંત મોટર સાઈકલ ઉપર પણ રાસોત્સવ ચાલે ત્યાં સુધી પેટ્રોલિંગ કરવામાં આવશે.

ખાસ કરીને તમામ આયોજન રાત્રે ૧૨ વાગ્યા સુધીમાં બંધ કરી દેવાના રહેશે. આ મામલે પોલીસ દ્વારા કોઈ ઢીલાશ રાખવામાં આવશે તેમજ નિયત ડેસીબલ કરતા વધુ અવાજ સર્જતા આયોજકો સામે પગલા લેવાશે અને જેના માટે પોલીસ ડેસીબલ માપતા યંત્રોથી સજ્જ છે. રાત્રિના ૧૨ વાગ્યે તમામ ગરબી,દાંડિયારાસના આયોજનો બંધ કરવાનો નિયમ પહેલેથી જ અમલી છે તેમજ અર્વાચીન દાંડિયારાસમાં ફાયર એન.ઓ.સી વિના મંજુરી મળશે નહી. જ્યારે રાસોત્સવના આયોજકો માટે પણ પોલીસે નિયમો અમલી બનાવ્યા છે જેમાં ખાસ કરીને અર્વાચીન રાસોત્સવ કે જ્યાં હજારોની સંખ્યામાં ખેલૈયાઓ એકઠા થાય છે.

ત્યાં કોઈ પ્રકારની અફડાતફડી ન સર્જાય તે માટે અલગ-અલગ એન્ટ્રી-એક્ઝિટ ગેઈટ રાખવા ઉપરાંત દરેક દિવસના સીસીટીવી ફૂટેજ સાચવવા, પાર્કિંગ માટે અલાયદી વ્યવસ્થા કરવા, માઈક-લાઉડ સ્પીકરનો અવાજ નિર્ધારિત કરાયેલા નિયમ પ્રમાણે જ રાખવા સહિતનો સમાવેશ થાય છે. પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ નવરાત્રિ દરમિયાન વિશેષ બંદોબસ્ત રખાશે ઉપરાંત માર્ગો પર ચૂસ્ત પેટ્રોલીંગ પણ ગોઠવાશે. ખાસ કરીને કોઈ મહિલાની છેડતી કરતા કે માર્ગો પર છાકટાવેડાં કરતા તત્વો સામે વધુ કડકાઈથી કાર્યવાહી કરાશે.ઉપરાંત મહિલા ખેલૈયાઓની સુરક્ષાને ધ્યાનમાં રાખી રાસોત્સવમાં શી-ટીમ પણ ટ્રેડીશન ડ્રેસમાં ગરબા ગ્રાઉન્ડમાં નઝર રાખશે. ઘણા ખરા કિસ્સામાં નવરાત્રી દરમિયાન માથાકૂટના બનાવો બનતા હોય છે ત્યારે લોકોની અને ખાસ તો ખેલૈયાઓને કોઈપણ પ્રકારની તકલીફનો સામનો ન કરવો પડે તે માટે પોલીસ તંત્ર સંપૂર્ણપણે સજ થયું છે.





# માલવિયા કોલેજ પાસે પાણી લાઈન તૂટતા લોકો હેરાનપરેશાન

## વોર્ડ નં.૭, ૧૪ અને ૧૭ ના લોકોને પાણી નહીં મળતા બોલ્યો દેકારો

રાજકોટ, તા. ૧૭

શહેરમાં માળખાગત સુવિધાઓના અભાવે લોકો દિનપ્રતિદિન હેરાન પરેશાન થઈ રહ્યા છે. ત્યારે તંત્રને લોકોની હેરાનગતિનો ખ્યાલ આવો જોઈએ જો આગામી દિવસો આ અંગે યોગ્ય નિર્ણય ન લેવાઈ તો તંત્રએ ઘણું વેઠવું પડશે.

શહેરના ગુરૂકુળ ઝોન પાણીના ટાંકાથી નીકળતી મેઈન લાઈન સવારે પી.ડી.માલવિયા કોલેજ પાસેના રેલ ફાટક નજીક ધડાકા સાથે ફાટતા પરોઢીયે પાણીનો વ્યય થયો હતો. કોર્પો.ની ટીમોએ આ રીપેરીંગ કામ તો શરૂ કર્યુ છે, પરંતુ વોર્ડ નં.૭, ૧૪ અને ૧૭ પાર્ટના લોકોને પાણી નહીં મળી શકતા દેકારો બોલ્યો છે.પીજીવીસીએલની ટીમો પાસે નજીકમાં આવેલો પોલ પણ કઢાવીને આ રીપેરીંગ કામ કરવું પડયું છે. આ અંગે જાણવા મળેલી વિગત મુજબ ગુરૂકુળ પાણીના ટાંકેથી અલગ અલગ ત્રણ વોર્ડમાં જતી પાણીની મુખ્ય લાઈન આજે પરોઢીયે પી.ડી. માલવિયા કોલેજ ફાટક પાસે ધડાકા સાથે એરપ્રેસરથી ફાટી હતી. આ અંગેની જાણ થતા વોર્ડના ભાજપ અગ્રણી ગૌતમ ગૌસ્વામીને લોકોએ જાણ કરી હતી. તેઓ સવારમાં સ્થળ પર પહોંચ્યા હતા વોટર વર્કસ અધિકારીઓને બોલાવ્યા હતા. આ દરમ્યાન આ મુખ્ય પાઈપલાઈનમાંથી જયાં પાણી વિતરણ થાય છે તે જુના રાજકોટના વોર્ડ નં.૭, ૧૪ અને ૧૭ પાર્ટમાં પાણીનું વિતરણ અટકી ગયું હતું.

આ જગ્યાએ પાણીની લાઈન રીપેર કરવા એટલો મોટો ખાડો કરવાની જરૂર પડી હતી કે પીજીવીસીએલની ટીમ પણ બોલાવી પડી છે. વીજ કંપનીની ટીમે નજીકમાં રહેલો થાંભલો બહાર કાઢયો છે. આ બાદ પાઈપલાઈનનું રીપેરીંગ ચાલી રહ્યું છે. હવે આજે આ વોર્ડના અમુક ભાગોને પાણી મળવાની શકયતા ઓછી છે કારણ કે મોટુ રીપેરીંગ ચાલુ છે. આ રીપેરીંગમાં મોડી સાંજ થઈ જાય તેમ હોય, આવતીકાલે પાણી મળી શકે છે. આજે તો ડબલ ઋતુ અને ગરમીના અનુભવ વચ્ચે લોકો એકાએક પાણી ન મળતા હેરાન થયા હતા.

ઢેબર કોલોની, નારાયણનગર સહિતના વિસ્તારમાં પાણી મળ્યું ન હતું. આ વોર્ડમાં ત્રણ જગ્યાએથી પાણીની લાઈન આવે છે. આજી, વિનોદનગર અને ગુરૂકુળ પાણીના ટાંકેથી આ વોર્ડમાં સપ્લાય થાય છે. છેક કોઠારીયા રોડ સુધી અસર થતી હોય છે. દરમ્યાન રવિવારે પણ વોર્ડ નં.૧૭ને આપવામાં આવતું પાણી મેઈન લાઈન ખરાબ થવાના લીધે મળ્યું ન હતું. આ દિવસે પણ વાલ્વ રીપેરીંગના કારણે વોર્ડ નં.૧૪ સુધી અસર પડી હતી. આ બાદ લાઈન રીપેર કરાઈ હતી પરંતુ આજે ફરી લાઈન ભાંગવાથી પાણી વિતરણમાં વિક્ષેપ પડયો છે.

# ખોખડદળ નદીનો રસ્તો ૨ દસકાથી બિસ્માર : લોકો ત્રાહીમામ્

## દરરોજ અંદાજે ૨૦,૦૦૦ થી ૨૫,૦૦૦ લોકો અવરજવર કરે છે : કલેક્ટર અને મનપાને કરી રજૂઆત



રાજકોટ, તા. ૧૭

રાજકોટના ખોખડદળ નદીના પુલથી વેલનાથ જડેશ્વર જવાના રસ્તાની ખરાબ હાલત અંગેની રજૂઆત વોર્ડ નંબર ૧૫ ના કોંગ્રેસના કોર્પોરેટર કોમલબેન ભરાઈ દ્વારા કરવામાં આવી છે. આવેદનમાં જણાવ્યું હતું કે રસ્તો છેલ્લા ૨૦ વર્ષથી કાચો ગાડા માર્ગ છે. આ રસ્તો વોર્ડ નંબર ૧૫ અને વોર્ડ નંબર ૧૮ ને જોડે છે અને તેના પર દરરોજ અંદાજે ૨૦,૦૦૦ થી ૨૫,૦૦૦ લોકો અવરજવર કરે છે અગાઉ મહાનગરપાલિકાને રજૂઆત કરતા તેઓએ જણાવ્યું હતું કે આ જગ્યા કલેક્ટર હસ્તક હોવાથી તેઓ રસ્તો બનાવી શકશે નહીં.

રાજકોટ મહાનગરપાલિકા અને રાજકોટ કલેક્ટરને અનેક વખત રજૂઆતો કરવામાં આવી હતી છતાં પણ હજુ સુધી કોઈ પણ કામગીરી થઈ નથી જેના પગલે આજે ફરી એક વખત કલેકટરને આવેદનપત્ર પાઠવી રજુઆત કરાઇ છે.

વડવાજડીના મનસુખભાઇ સોલંકી, અરવિંદ ચૌહાણ, આર.એમ.પરમાર સહિતના કલેકટર કચેરી ખાતે ઉમટી પડેલા અરજદારોએ જણાવ્યું હતું કે વડવાજડી ગામે સરકારી ખરાબાની જગ્યા પર તેઓ ૩૦ વર્ષથી વસવાટ કરી રહ્યા છે. તેઓને અગાઉ ભુગર્ભ ગટરની સુવિધા પુરી પાડવામાં આવી છે. પરંતુ નળ કનેકશન-ગેસ કનેકશન, પાકા રોડ રસ્તા અને શૌચાલય જેવી પાયાની સુવિધા પુરી પાડવામાં આવેલ નથી. જેના કારણે તેઓ ભારે હેરાન-પરેશાન થઇ રહ્યા છે. આ બાબતે તત્કાલ પગલા લેવા તેઓએ રજુઆત કરી હતી.

# રૂડા વિસ્તારના રસ્તા રિપેર કરો નહીં તો કાનૂની કાર્યવાહી

## જિલ્લા કોંગ્રેસ દ્વારા રૂડાના CEO ને આપ્યું આવેદન : મોટી સંખ્યામાં રૂડા વિસ્તારના લોકો રહ્યા હાજર



રાજકોટ, તા. ૧૭

માત્ર શહેરના જ રસ્તાઓ નહીં પરંતુ રૂડા વિસ્તારના રસ્તાઓની હાલત પણ અત્યંત ખરાબ થઈ ચૂકી છે અને તેને સરખા કરવામાં પણ હાલ રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ નિષ્ફળ નીકળ્યું છે આ મુદ્દાને ધ્યાને લઈ અને પ્રજાને પડતી હાલાકી ને જોતા કોંગ્રેસ પાર્ટી દ્વારા આજે રૂડા કચેરી ખાતે વિરોધ દર્શાવવામાં આવ્યો હતો એટલું જ નહીં રાજકોટ શેરી વિકાસ સત્તા મંડળની કામગીરી અંગે પણ પ્રશ્નો કરવામાં આવ્યા હતા. મળતી માહિતી મુજબ જિલ્લા કોંગ્રેસની આગેવાનીમાં ગ્રામજનોએ રોડાના ચીફ એક્ઝિક્યુટિવ અધિકારી મિયાણીને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી હતી અને જિંદગી પણ ઉચ્ચારી હતી કે જો તાત્કાલિક રોડ રીપેર કરવામાં નહીં આવે તો કાનૂની કાર્યવાહી કરવામાં આવશે જે અંગે રજૂઆત કરવા ગ્રામજનોના ટોળા રોળા કચેરી ખાતે એકત્રિત થયા હતા.

મળતી માહિતી મુજબ રાજકોટ જિલ્લા યુદ્ધ કોંગ્રેસ પ્રમુખ અલ્પેશ સાધરિયાની આગેવાનીમાં રૂડાના ઈઊઘ ને લેખિત રજૂઆત કરવામાં આવી હતી એટલું જ નહીં રૂડા હેઠળ આવતા વિવિધ ગામો જેવા કે સાત હનુમાન, સોખડા ચોકડી, લાપશરી, ત્રંબા, કાળીપાટ, ન્યૂ રીંગ રોડ, કોઠારીયા રોડ, જશવંતપુર, વેજાગામ, વાજડીગઢ, જામનગર હાઈવે ઉપરના ગામોના માર્ગ, કુવાડવા, મહિકા, માંડા ડુંગર, હરીપરપાળ, માલિયાસણ, સોખડા આજુબાજુ, બેડી ગામ, આણંદપર, નવાગામ સહિતના તમામ વિસ્તારમાં રસ્તા તૂટી ગયા છે ઠેર ઠેર ખાડા પડી ગયા છે અને તાત્કાલિક રિપેરિંગ કરવાની ખાસ જરૂરિયાત છે. તદ ઉપરાંત સ્ટ્રીટ લાઈટ્સની સુવિધા નથી અથવા જે ગામોમાં સ્ટ્રીટ લાઈટ્સ છે ત્યાં લાંબા સમયથી બંધ છે.

રૂડાના ઉપરોક્ત ગામોના માર્ગો પર બબ્બે-ત્રણ ફૂટના ખાડા પડયા છે, વાહનોને ભારે નુકસાન થાય છે,બાળકો જોખમ લઈ સ્કૂલે જાય છે,રાત્રે અંધકારમાં સ્ટ્રીટ લાઈટ ન હોવાથી અકસ્માત અને અસુરક્ષા વધી રહી છે, મહિલાઓ અને વૃદ્ધો માટે યાત્રા મુશ્કેલ બની ગઈ છે, દર્દીઓ સમયસર હોસ્પિટલ પહોંચી શકતા નથી. આથી રૂડા હેઠળ આવેલા ગામડાઓમાં જ્યાં સ્ટ્રીટ લાઈટ નથી ત્યાં ફરજિયાત રીતે લગાવવી, જ્યાં હાજર છે પરંતુ બંધ છે ત્યાં રીપેરિંગ તાત્કાલિક કરાવવા માંગણી છે. તૂટી ગયેલા માર્ગોનું તાત્કાલિક સમારકામ જરૂરી છે. જો આ દિશામાં કાર્યવાહી ન કરાય તો પ્રજા સાથે મળીને કાયદેસર પગલાં લેવા મજબૂર થવું પડશે જેની આ આવેદનપત્રથી નોંધ લેશો તેમ અંતમાં જણાવ્યું છે.

એન્ડોસ્કોપિક સ્પાઈન સર્જરી ના એશિયાના પ્રણેતા
વિશ્વની શ્રેષ્ઠ ટેક્નોલોજી થી ખોલ્યા વગર ઓપરેશન,
દૂરબીન વડે ગરદન ના મણકાની સારવાર
cheers+ Multi Speciality Hospitals India | Kenya
ASIA'S BEST CENTER FOR
OLLIF (Oblique Lateral Lumbar Interbody Fusion Under Epidural Anaesthesia)
3S (STITCHLESS SPINE SURGERY under Local Anaesthesia)
MISS (Minimally Invasive Spine Surgery Under Epidural Anaesthesia)






રાજકોટમાં તારીખઃ-૧૯-૦૯-૨૦૨૫, શુક્રવાર સવારે ૧૧:૦૦ વાગ્યા થી
Dr. Shirazahmed Munshi
M.B.B.S., D.Ortho., FIAPM., DNB (Fellow), FIPP-USA
Fellowship-Spine Endoscopy (Pune, USA, Japan)
લાંબો સમય ઉભા રહેવામાં કે ચાલવામાં તકલીફ છે
પગમાં કે કમરમાં દુખાવો થવો, પગ ભારે થઈ જવા,
ખાલી ચડી જવી, ગાદી પર ચાલતા હોય તેવો ભાસ થવો.....
"આ તકલીફ સ્પાઈનલ સ્ટેનોસિસ હોઈ શકે છે ?"
મેડિકલેઈમ માન્ય સારવાર
સ્પાઈનલ સ્ટેનોસિસ / સ્લીપ ડીસ્ક – સાયટીકાની દૂરબીન વડે ઓપરેશન વગર સારવાર
:: જીણો ચેકો, મોટા ફાયદાઓ ::
--: ચીરફાળ કે મણકા ખોલવાની જરૂર નથી (જેથી ફરીથી મણકાની તકલીફ ખૂબ ઓછી થાય)
--: દર્દીને બેભાન કરવાની જરૂર નથી (જેથી ઓપરેશનમાં લકવો થતો નથી)
--: ઝડપી રિકવરી, નહીવત બ્લડ લોસ, નહીવત ચેપનો જોખમ અને ઓછું હોસ્પિટલ રોકાણ
--: મોટી ઉંમરના, ડાયાબિટીસ, બીપી, હૃદયની તકલીફ વાળા દર્દીઓ માટે આશીર્વાદ રૂપ
નોંધ : રજીસ્ટ્રેશન કરાવું ફરજિયાત છે || જુના રિપોર્ટ સાથે લાવવા જરૂરી છે
એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો +૯૧ ૯૮૯૮૭ ૪૫૧૪૫
હીલવેલ હોસ્પિટલ બિલ્ડીંગ, બી.એ.પી.એસ. મંદિર સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૨.
info.amd@cheershospitals.com www.cheershospitals.com